ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાું.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

સાપ્તાહિક
# શાહીન
Shaheen Gujarati WEEKLY

Vol No.: 52 • Issue No.: 50 • Date: 20-11-2025 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00

Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

## આદર્શ પાડોશ

## આદર્શ સમાજ

**પોતાના પાડોશી પ્રત્યે દયાળુતા ખૂબ જ મહત્વપૂર્ણ છે.**

- અલ્લાહતઆલાએ આનો આદેશ આપ્યો છે.
- જિબ્રઈલ અમીન અ.સ. સતત તેની સલાહ આપતા રહ્યા.
- રસૂલે કરીમ સ.અ.વ.એ ખૂબ જ તાકીદ ફરમાવી છે.
- સહાબાએ કિરામ રદિ.એ આના ઉપર સારી રીતે અમલ કરી બતાવ્યો.
- દરેક જમાનાના નેક લોકોએ ઘણા સારા દાખલાઓ બેસાડયા.
- તો આપણે શા માટે પાછળ રહીએ?

**મુસ્લિમો ઘણા સારા પાડોશી હોવા જોઈએ.**

કેમકે વ્હાલા નબી સ.અ.વ. ફરમાવે છે :

“તમારા પાડોશી સાથે સારૂં વર્તન કરો, તો તમને ઈમાનનો ઊંચો દરજ્જો પ્રાપ્ત થશે.” (તિર્મિઝી)

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેકટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોન: ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૧૩
NO PILES JUST SMILES
પેશન્ટ હાઉસ નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદઆબાદ



પાડોશી અધિકાર અભિયાન
21 થી 30 નવેમ્બર 2025

“અલ્લાહની નજરમાં સારો પાડોશી તે છે જે પોતાના પાડોશી સાથે સારૂં વર્તન કરે છે.” (તિર્મિઝી)

“જે વ્યક્તિનો પાડોશી તેના દુષ્કૃત્યોથી સુરક્ષિત નથી તે જન્નતમાં પ્રવેશ કરશે નહીં.” (મુસ્લિમ)

“જે કોઈ અલ્લાહ અને કયામતના દિવસ પર યકીન રાખે છે, તેણે પોતાના પાડોશી પ્રત્યે દયાળુતાપૂર્ણ વર્તન કરવું જોઈએ.” (બુખારી)

“જે કોઈ અલ્લાહ અને કયામતના દિવસ પર યકીન રાખે છે, તેણે પોતાના પાડોશીને નુકસાન ન પહોંચાડવું જોઈએ.” (બુખારી)

“જે વ્યક્તિ પેટ ભરીને ખાય છે અને તેનો પાડોશી ભૂખ્યો રહે છે તે મોમિન નથી.” (અદબુલમુફર્રદ, બુખારી)

**સારો પાડોશી કેવો હોય છે ?**

- જે પોતાના પાડોશીઓને મદદ કરે છે.
- જે પોતાના પાડોશીઓનું રક્ષણ કરે છે.
- જે પોતાના પાડોશીઓને નુકસાનથી બચાવે છે.
- જે પોતાના પાડોશીઓ તરફથી થયેલ નુકસાન પ્રત્યે ધીરજ રાખે છે.
- જે પોતાના પાડોશીઓના કલ્યાણની ચિંતા કરે છે.

**સારો પાડોશ કેવો હોય છે?**

- પરસ્પર સહયોગનું વાતાવરણ હોય.
- દરેક વ્યક્તિ બીજાના આરામ અને સુવિધાની ચિંતા કરે.
- રસ્તાઓની સ્વચ્છતાનું ધ્યાન રાખવામાં આવે.
- વિવાદોનો ઉકેલ સદ્‌ભાવના સાથે કરવામાં આવે.

**સારા રાહદારીઓ કેવા હોય છે?**

- તેઓ રસ્તાઓ સ્વચ્છ રાખે છે.
- તેઓ રસ્તાઓ પર અવરોધો ઊભા કરતા નથી.
- તેઓ ટ્રાફિકના નિયમોનું પાલન કરે છે.

**સારો પ્રવાસી સાથી કેવો હોય છે?**

- તેઓ મુસાફરીને આનંદપ્રદ બનાવે છે.
- તેઓ મુસાફરી દરમ્યાન બીજાઓને મદદ કરે છે.
- તેઓ બીજાઓના આરામનું ધ્યાન રાખે છે.

**સારા સંગાથી કેવી રીતે બનીએ?**

- જેઓ અજાણ્યાથી પણ પરિચય કેળવે છે. .
- જેઓ ભયને સુરક્ષાની ભાવનાથી બદલે છે.
- જેઓ ઉગ્ર ભાષાને નમ્ર ભાષાથી બદલે છે.

**બીજા ધર્મોના પાડોશીઓ અને આપણે**

- તેમનાથી પરિચય વધારો અને અલગતા દૂર કરો.
- તેમને ભેટ આપીએ અને તેમને પોતાના ઘરે આમંત્રણ આપીએ.
- તેમના શુભેચ્છક બનીએ.
- તેમની પીડાઓ દૂર કરીએ અને તેમને ખુશી આપીએ.

ઈસ્લામ વિરુદ્ધના દરેક પ્રચારનો શ્રેષ્ઠ જવાબ એક જ છે - તમારા બિન-મુસ્લિમ પાડોશીઓ પ્રત્યે તમારૂં સારૂં અને સ્નેહભર્યું વર્તન.

- પાડોશને પોતાનું ઘર માનો
- જેવો તમારા ઘરમાં સ્નેહ અને પ્રેમ હોય તેવો તમારા પાડોશી માટે પણ સ્નેહ અને પ્રેમ હોય.
- જેવો તમારા ઘરમાં પરસ્પર સહયોગ હોય, તેવો તમારા પાડોશી માટે પરસ્પર સહયોગ હોય.
- જેવી તમારા ઘરમાં સુરક્ષા હોય, તેવી તમારા પાડોશી માટે પણ સુરક્ષા હોય.
- તમને તમારા બાળકોનું શિક્ષણ અને તાલીમ વ્હાલી છે, તેવી રીતે તમારા પાડોશી બાળકો માટે પણ શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા કરો.
- જેવી તમારા ઘરમાં સ્વચ્છતા હોય, તેવી તમારા પાડોશી માટે પણ સ્વચ્છતાનું ધ્યાન રાખો.
- તમારા ઘરમાં તમે ઘોંઘાટ પસંદ નથી કરતાં
- તેવી જ રીતે તમારા પાડોશી માટે પણ ઘોંઘાટ પસંદ ન કરો.
- તમે તમારા ઘરમાં ગાળ અને અપશબ્દ નથી વાપરતા તો તમારા પાડોશી માટે પણ ગાળ અને અપશબ્દ પસંદ ન કરો.

(અનુસંધાન દસમા પાને)

Lubi PUMPS-MOTORS Kirloskar VARUNA TEXMO PUMP KSB
મો : 9327374093
8735852167
બ્રાન્ડેડ કંપનીના પમ્પ લગાવો અને હેરાનગતિથી છૂટકારો મેળવો
વીજ વપરાશમાં 30થી 40% સુધીની બચત
ડોમેસ્ટિક અને ખેતી વિષયક પમ્પ મળશે
કેબલ, કન્ટ્રોલ પેનલ હાજર સ્ટોકમાં મળશે
હાઈ રાઈઝ બિલ્ડિંગોમાં પાણી ચઢાવવા માટેના પમ્પ હાજર સ્ટોકમાં
બોરવેલ, સબમર્સિબલ, સેલ્ફ પ્રાઈમિંગ મોનો બ્લોક, પાણી ખેંચવાના મોનો બ્લોક, હાઈ એફીસિયેન્સિ, હાઈ પ્રેશર ધરાવતો મોનો બ્લોક્સનો ઉપયોગ કરો
ઘર વપરાશ માટેના બુસ્ટર પમ્પ લગાવો અને લો અને હાઈ પ્રેશરની ઝંઝટથી મુક્તિ મેળવો. બાથરૂમ માટે 1-2-3-4-5-6 સાથે બુસ્ટર પ્રેશર પમ્પનો ઉપયોગ કરો.
સ્પ્રિન્ગફીલ્ડ પમ્પ્સ
સાવન પાર્ટી પ્લોટની લાઈનમાં, બ્લ્યુ વોટર ટાવરની સામે, સરખેજ રોડ, અહમદાબાદ

મો. ૯૪૨૮૦૪૬૮૮૭
એમ. એ. એપ્રલ્સ
મો. ૯૩૭૪૪૩૦૮૯૯

સ્કૂલ યુનીફોર્મમાં બ્લેજર, કોટી, મોદી કોટી, શર્ટ, ફોર્મલ શર્ટ, લાસ્ટીક પેન્ટ, ફોર્મલ પેન્ટ, પીના ફ્રોક, ટયુનીક લેંગીજ, ટ્રેક શુટ, ટાઈ, બેલ્ટ, કોર્પોરેટ યુનીફોર્મ, જોબ વર્ક એન્ડ મેન્યુફેકચરીંગ.
૨, ગૌતમ શાહ એસ્ટેટ, મનિયાર કંપની પાછળ, સુંદરમનગર, રખિયાલ, અહમદાબાદ - ૨૩






## પાડોશીઓના અધિકારોઃ ઈમાન, સભ્યતા અને સામાજિક સૌહાર્દનું ઘોષણાપત્ર

વર્તમાન સમયમાં, જ્યારે શહેરી જીવનની ચમક-દમકની નીચે સ્વાર્થ, અજાણ્યાપણા અને સંવેદનહીનતાનો અંધકાર વ્યાપી રહ્યો છે, ત્યારે શાહીન સાપ્તાહિકનો આ ફોકસ ઈસ્યુ "હુકૂકે હમસાયા" (પાડોશીઓના અધિકારો) નું પ્રકાશન એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સમયસરનું પગલું છે. આ ફોકસ અંક માત્ર એક વિષય આધારિત આવૃત્તિ નથી, બલ્કે આપણા દીની, નૈતિક અને સામાજિક વલણો પર વિચાર કરવા અને તેને ઈસ્લામી શિક્ષણના પ્રકાશમાં સુધારવા માટેનું એક ગહન આમંત્રણ છે.

ઈસ્લામી તાલીમાતમાં, અલ્લાહની ઈબાદત પછી જે બાબત પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો છે તે હુકૂકુલ ઈબાદ (બંદાઓના અધિકારો)ની અદાયગી છે. માતા-પિતા અને સંબંધીઓ સાથે, પાડોશીઓના અધિકારોને પણ અસાધારણ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

પયગંબરે અકરમ સ.અ.વ.ની એક પ્રસિદ્ધ હદીસ છેઃ "જિબ્રાઈલ અલયહિસ્સલામ મને પાડોશીના અધિકારો વિશે સતત વસિયત કરતા રહ્યા, અહીં સુધી કે મને લાગ્યું કે તેઓ પાડોશીને વારસદાર બનાવી દેશે."

આ હદીસ સ્પષ્ટ કરે છે કે પાડોશીનો હક માત્ર નૈતિક કે સામાજિક જવાબદારી નથી, બલ્કે તે ઈમાનનો એક ભાગ છે. એક મુસલમાનનું ઈમાન ત્યારે જ સંપૂર્ણ થઈ શકે છે જ્યારે તે પોતાની આસપાસ રહેતા લોકો સાથે દયાળુતા, સહાનુભૂતિ અને સન્માનનો વ્યવહાર કરે. એક અન્ય પ્રસંગે આપ સ.અ.વ.એ ફરમાવ્યુંઃ "તે વ્યક્તિ મોમિન (ઈમાનવાળો) નથી જે પોતે પેટ ભરીને જમે અને તેનો પડોશી ભૂખ્યો હોય."

ઈસ્લામી સમાજમાં, પાડોશી સાથેનો સંબંધ દીની કે વંશીય સંબંધના આધારે નહીં, બલ્કે માનવતાના સંબંધના આધારે સ્થાપિત કરવામાં આવ્યો છે. ઈસ્લામે આ સંબંધમાં વંશીય, ભાષાકીય, દીની, વર્ગ કે આર્થિક કોઈપણ પ્રકારના ભેદભાવને સ્વીકાર્યો નથી. તમારો પાડોશી ભલે મુસ્લિમ હોય કે બિનમુસ્લિમ, આ સંબંધ માનવતાના પાયા પર ટકેલો છે.

રસૂલે અકરમ સ.અ.વ.ની સીરતમાં (જીવનચરિત્રમાં) આપણને અસંખ્ય ઉદાહરણો મળે છે જ્યાં આપ સ.અ.વ.એ પોતાના બિનમુસ્લિમ પાડોશીઓ સાથે સારો વ્યવહાર કર્યો, તેઓ બીમાર પડ્યા ત્યારે તેમની ખબર પૂછી અને તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખ્યું. આ શિક્ષણ ઈસ્લામની તે ભાવનાને દર્શાવે છે જે દિલોને જોડે છે અને સમાજને સુરક્ષિત રાખે છે.

આપણા દેશની સંયુક્ત સંસ્કૃતિની એક મુખ્ય વિશેષતા તેની પાડોશની પરંપરા રહી છે. ગામડાના કૂવાઓથી લઈને શહેરોની ગલીઓ સુધી લોકો માત્ર એકબીજાથી પરિચિત નહોતા, પણ એકબીજાના દુઃખ-સુખમાં સહભાગી પણ થતા હતા. સદીઓથી અહીં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, સૌ એકબીજાના તહેવારોમાં ખુશીઓ વહેંચતા આવ્યા છે.

પરંતુ, આજે શહેરી જીવનની દોડ, સ્વાર્થ, અવિશ્વાસ અને ધાર્મિક ભેદભાવે આ સંબંધોને કાટ લગાવી દીધો છે. ઊંચી ઈમારતોના ફ્લેટોમાં વર્ષોથી એક જ માળ પર રહેતા લોકો એકબીજાના નામથી પણ વાકેફ નથી. બીજી તરફ, ધર્મ અને રાજનીતિના નામે દેશભરમાં નફરતનું જે વાતાવરણ બનાવવામાં આવ્યું છે, તેણે સામાજિક સૌહાર્દના તમામ પાયા હચમચાવી દીધા છે.

આજના સમયમાં માનવી ખૂબ જ એકલતાનો શિકાર છે. સંબંધો કૃત્રિમ અને ઔપચારિક બની ગયા છે, જેનો આધાર માત્ર ભૌતિક સ્વાર્થ છે. આના પરિણામે સમગ્ર સમાજ બેચેની અને અવિશ્વાસનો ભોગ બન્યો છે. ઘરો વચ્ચે માત્ર એક દીવાલ હોય છે, પરંતુ દિલો વચ્ચેનું અંતર ઘણું મોટું છે.

ઈસ્લામ આ વાતાવરણમાં લોકોને માનવતા તરફ બોલાવે છે. કુર્આને પાકની સૂરઃ નિસા, આયત-૩૬માં ફરમાવવામાં આવ્યું છેઃ "અને તમે સૌ અલ્લાહની બંદગી કરો, તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો, માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો, સગા-સંબંધીઓ અને અનાથો અને જરૂરતમંદ લોકો સાથે સદ્‌વર્તન દાખવો, અને પાડોશી સગા સાથે, અજાણ્યા પાડોશી સાથે, સાથે બેસનારા સંગાથીઓ અને મુસાફરો.."

આ આયત માનવજાત માટે એક વ્યાપક નીતિ નિયમો પૂરા પાડે છે, જે વ્યક્તિને માત્ર ઈબાદત કરનાર જ નહીં પણ સમાજ માટે એક ઉપયોગી વ્યક્તિ પણ બનાવે છે. જો આપણે આ આયતને આપણા જીવનનો મંત્ર બનાવીએ અને તેના આધારે માનવીય સંબંધોની રચના અને નિર્માણ કરીએ, તો આપણી વસાહતો અને વિસ્તારો શાંતિ અને પ્રેમનું પારણું બની જશે.

'હુકૂકે હમસાયા'ના આ સંદેશને પુનર્જીવિત કરવો એ સમયની સૌથી મોટી જરૂરિયાત છે. •••

## સંવેદનશીલ હૃદય

(નવમા પાનાનું ચાલુ)

દાનિશની વાત સાંભળીને ખાલિદા બેગમે નવાઈથી પૂછ્યું, "જ્યારે તને આટલો બધો ગમે છે, તો પછી તેનો ઉપયોગ કરવાની ના કેમ પાડે છે?"

મમ્મીના સવાલ પર થોડી વાર અટકીને દાનિશે જવાબ આપ્યો, "હું ઉપયોગ કરવાની ના નથી પાડતો. હું તેનો ઘરે ઉપયોગ કરીશ, પણ સ્કૂલે નહીં લઈ જાઉં."

"પણ કેમ? શું ક્લાસમાં કોઈ બાળક તારી વસ્તુઓ જબરદસ્તીથી પડાવી લેવાની કોશિશ કરતો હતો? જો એવું હોય તો આપણે ક્લાસ ટીચરને ફરિયાદ કરીશું. તારે ડરવાની બિલકુલ જરૂર નથી," ખાલિદા બેગમે સમજાવ્યું. તેમને લાગ્યું કે ક્લાસના કોઈ તોફાની બાળકથી પોતાની સ્ટેશનરી બચાવવા માટે દાનિશ નવું કંપાસ સ્કૂલે લઈ જવાની ના પાડી રહ્યો છે.

પરંતુ તેમની વાત સાંભળીને દાનિશ હસી પડ્યો. તેણે કહ્યું, "એવું બિલકુલ નથી. મારા બધા મિત્રો બહુ સારા છે. વાત ખરેખર આ છે કે મારા મિત્ર જુનૈદ પાસે બધી વસ્તુઓ જૂની છે. તેના પપ્પા પણ નથી, કે ન કોઈ બીજા સગાં-સંબંધી છે, જે તેને આવી ઈમ્પોર્ટેડ ભેટ આપી શકે."

"હું ક્લાસમાં તેની બાજુમાં જ બેસું છું. જો હું તેની સામે આ બધું વાપરીશ તો તેનું દિલ દુભાશે, કારણ કે તે જાણે છે કે તે ખૂબ ગરીબ છે અને ઈચ્છવા છતાં પણ આવો કંપાસ ખરીદી શકે તેમ નથી."

દાનિશની વાત સાંભળીને ખાલિદા બેગમની આંખોમાં આંસુ આવી ગયા. તેમણે આગળ વધીને દાનિશને ગળે લગાવી લીધો.

દસ વર્ષના દાનિશની વાતોએ ખાલિદા બેગમને જીવનનો એક કિંમતી બોધપાઠ યાદ અપાવી દીધોઃ

"અલ્લાહે આપેલી વસ્તુઓનો ઉપયોગ કરતી વખતે પણ, આપણે ક્યારેય અલ્લાહના બીજા બંદાઓને, ખાસ કરીને આપણી આસપાસના લોકોની જરૂરિયાતો, લાગણીઓ અને ભાવોને ભૂલવા ન જોઈએ. જે ખુશી કોઈ ગરીબના દિલમાં વંચિતતાની ભાવના પેદા કરે, તે કોઈ કામની નથી. એક સંવેદનશીલ હૃદય જ એક સારા માણસની ઓળખ છે."

## સાયકલની લડાઈ...

(નવમા પાનાનું ચાલુ)

"અચ્છા, તો આ ઝઘડો બાળકોથી શરૂ થયો છે? બોલાવો એ બંને બાળકોને, હું તેમની સાથે પણ વાત કરીશ."

પોલીસ ઓફિસરના કહેવા પર બાળકોની શોધ શરૂ થઈ. બંને ક્યાંય દેખાયા નહીં. મહોલ્લાવાળાઓને લાગ્યું કે કદાચ બંને ડરીને ક્યાંક છુપાઈ ગયા હશે.

ત્યારે જ અમ્માર સાયકલ ચલાવતો ત્યાં આવ્યો. અને ખાસ વાત એ હતી કે તે પોતાની નહીં, પણ યાસિરની સાયકલ ચલાવી રહ્યો હતો! અને યાસર પાછળની સીટ પર બેસીને કહી રહ્યો હતો - "અરે, જલ્દી ચલાવ!"

બંને આખો ઝઘડો ભૂલીને ફરી એકબીજા સાથે રમવામાં મશગૂલ હતા!

આખા મહોલ્લાવાળાઓને એક જગ્યાએ ભેગા જોઈને યાસિરે પોતાના પપ્પાને પૂછ્યું, "બાબા, બધા લોકો અહીં કેમ ભેગા થયા છે? કોઈ પાર્ટી થવાની છે શું?"

તેનો માસૂમ સવાલ સાંભળીને દરેક જણ હસી પડ્યું. પરંતુ આ હાસ્યની સાથે જ બધાને એક બહુ કિંમતી બોધપાઠ પણ મળી ગયો હતો.

મોટા લોકોએ ક્યારેય બાળકોની લડાઈમાં સામેલ ન થવું જોઈએ. ખાસ કરીને સગાં-સંબંધીઓ અને પાડોશીઓ સાથે તો બિલકુલ ન લડવું જોઈએ, કારણ કે બાળકો તો મિનિટોમાં લડાઈ ભૂલીને મિત્રો બની જશે, પણ મોટાઓ માટે પોતાના દિલમાંથી કડવાશ દૂર કરવી એટલી સરળ હોતી નથી.

•••

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન




સંપર્ક : ૮૭૮૦૬ ૬૧૯૬૩

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૯૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૯૯૬૬૬

કાદરી પાર્ટી પ્લોટ

Kadri Party Plot

નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.

એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

Reg.No. A-7183 Google Reviews 4.8 Top Rated Dental Clinic

Dr. Saba Baloch B.D.S. (Dental Surgeon)

Dr. Saba Dental Clinic

Dental Implant And Asthetic Clinic

:: Our Specialties ::

Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring |Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge |Prosthesis Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::

Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm

Available on Emergency Trauma Cases +91 99983 60503

Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com







અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## દીન અને ને'મતની પૂર્ણતા

**"આજે મેં તમારા દીન (જીવન-વ્યવસ્થા)ને તમારા માટે સંપૂર્ણ કરી દીધો છે અને પોતાની કૃપા તમારા ઉપર પરિપૂર્ણ કરી દીધી છે અને તમારા માટે ઈસ્લામને તમારા દીન તરીકે પસંદ કરી લીધો છે." (સૂરઃ અલ માઈદહ, આયત-૩)**

આ પવિત્ર આયત કુર્આનેહકીમની એક મશહૂર આયત છે. આ આયતના ઉતરાણથી બરાબર બે મહિના ૨૧ દિવસ પછી હુઝૂર નબીએ અકરમ સ.અ.વ.ની વફાત થઈ ગઈ. હકીકતમાં આ જ આયતમાં આપ સ.અ.વ.ની વફાતની જાણ કરી દેવામાં આવી હતી. આ જ કારણ છે કે જ્યારે આ આયત સંભળાવવામાં આવી તો નુબુવ્વતના કેટલાક જાણભેદુ રડવા લાગ્યા. પૂછવામાં આવ્યું કે મોકો તો ખુશીનો છે કે આમાં દીનના પૂર્ણ થવાની ખુશખબર સંભળાવવામાં આવી છે. તો પછી આ રડવું કેવું છે ? કહ્યું કે : જ્યારે દીન સંપૂર્ણ થઈ ગયો તો જણાયું કે રસૂલે ખુદા સ.અ.વ.નું મિશન પૂરૂં થઈ ગયું તો હવે તેઓ વધુ મુદ્દત સુધી આપણી વચ્ચે મૌજૂદ નહીં રહે.

અલ્લાહના આ ઈર્શાદમાં દીનના સંપૂર્ણ થવાની ખુશખબર સંભળાવવામાં આવી છે અને તેને જ અલ્લાહતઆલાએ ને'મતની પૂર્ણતા ઠેરવી છે. જ્યાં સુધી અલ્લાહના દીનનો સંબંધ છે તો એ તો પ્રથમ માનવીથી દુનિયામાં મૌજૂદ રહ્યો પરંતુ દરેક યુગમાં, દરેક દેશમાં, દરેક કબીલામાં તેના આદેશો બદલાતા રહ્યા. જે રીતે માનવી પહેલાં બાળક હોય છે, ત્યારે એ દૂધ પીએ છે. દાંત ફૂટે છે અને ઘૂંટણિયે ચાલવા લાગે છે, તો તેના ખોરાકમાં પહેલાંની સરખામણીમાં થોડો ઘણો ફેરફાર આવી જાય છે. પછી બાળપણમાં પહોંચીને તેના તકાદા બદલાઈ જાય છે. તે એટલે સુધી કે તે યુવાન થાય છે તો તેની ઉંમરના તકાદા અને માગણીઓ પણ શબાબ પર આવી જાય છે. આ જ સ્થિતિ માનવ જાતિની હતી. તે શરૂથી જૂથ અને કબીલાઓમાં વિભાજિત રહી. આ માનસિક અને ભૌતિક દૃષ્ટિએ તેના માટે બાળપણનો જમાનો હતો. તેના તકાદાઓ કંઈક બીજા હતા. નબી અને રસૂલ આવ્યા, પરંતુ પોત-પોતાના યુગ અને પોત-પોતાની કોમ માટે આવ્યા તે એટલે સુધી કે સરકારે દો-આલમ, હુઝૂરે અકરમ સ.અ.વ.ની રિસાલતનો જમાનો આવી ગયો. એ જ જમાનાથી માનવ એકતાની શરૂઆત થાય છે. અહીંથી જ જાણે કે માનવતાનો યુવા-કાળ શરૂ થાય છે. દેશ-દેશ, કબીલા-કબીલા એકબીજાથી જોડાઈ ગયા. જવા-આવવાના સંસાધનો પેદા થવા લાગ્યા. માનવ મસ્તિષ્ક વિકાસ-બિંદુ સુધી પહોંચી ગયું. આ સમય હતો કે દીનને પરિપૂર્ણ અને વૈશ્વિક ઠેરવવામાં આવ્યો. માનવ-જીવનની ભલાઈ તથા સુધારણા માટે એવા બુન્યાદી સિદ્ધાંતો આપવામાં આવ્યા જે કયામત સુધી તેના માર્ગદર્શન માટે પૂરતા હોય, અને નવી નવી સમસ્યાઓ કે પ્રશ્નો તેમના જ પ્રકાશમાં ઉકેલી શકાય. આ જ દીનની પૂર્ણતા છે અને આ જ ને'મતોની પણ પરિપૂર્ણતા છે. આના પછી હવે ન તો કોઈ નબીની જરૂરત છે અને ન તો ઈસ્લામ સિવાય કોઈ અન્ય દીનની.

સાથે જ આ પણ અહીં યાદ રાખવાની જરૂરત છે કે જ્યારે અંતિમ નબી હુઝૂરે અકરમ સ.અ.વ.ની સાથે જ દીન-ઈસ્લામ સંપૂર્ણ થઈ ગયો તો એનો અર્થ આ પણ છે કે તેમાં કોઈ પણ પ્રકારની ઊણપ કે ખામી કે કમી બાકી રહી ન હતી. તે દરેકે દરેક રીતે પરિપૂર્ણ થઈ ગયો હતો. હવે તેમાં કોઈ પણ નવી બાબત સામેલ કરવાની કે ઉમેરવાની કોઈ જ જરૂરત બાકી નથી રહી. તેથી કોઈએ પણ કોઈ પણ જાતની કોઈ નવી બાબત આ દીનમાં ઉમેરવાની કે શરૂ કરવાની કોશિશ કરવી ન જોઈએ. નહીંતર એ કુર્આનની આ આયતથી ટકરાશે અથવા તેની વિરુદ્ધ હશે.

## અભિપ્રાયની દૃઢતા

**(૩) અનુવાદ :**

**હઝરત સુફયાન બિન અબ્દુલ્લાહ સકફી રદિ.થી રિવાયત છે. તેઓ કહે છે કે મેં રસૂલુલ્લાહ સ.અ.વ.થી અરજ કરી કે યા રસૂલુલ્લાહ સ.અ.વ.! ઈસ્લામ વિષે આપ મને કોઈ એવી વાત બતાવી દો કે આપ સ.અ.વ. પછી તેના વિષે કોઈનાથી કંઈ પણ પૂછવાની જરૂરત ન રહે. એક રિવાયતમાં આ શબ્દો આવ્યા છે કે પછી આપ સ.અ.વ. સિવાય કોઈ અન્યથી કંઈ પૂછવાની જરૂરત મને ન પડે.[1] આપ સ.અ.વ.એ ઈર્શાદ ફરમાવ્યું : "કહો કે હું અલ્લાહ પર ઈમાન લાવ્યો અને પછી તેના પર જ કાયમ (અડગ) રહો."[2] (મુસ્લિમ)**

**સમજૂતી :**

[1]અર્થાત્ એ વાત એટલી સર્વગ્રાહી અને અર્થસભર હોય કે એ જ ઈસ્લામનો સારાંશ હોય. અને એ જ મારા માટે જીવનનું માર્ગદર્શન બની જાય. પછી મને ઈસ્લામની હકીકતને સમજવા અને તેના સ્વભાવ અને તેની મૂળ ભાવના મુજબ પોતાના જીવનની દિશા નિશ્ચિત કરવા અને પોતાની સીરત તથા ચરિત્રના નિર્માણ અંગે કોઈનાથી કંઈ પણ માર્ગદર્શન મેળવવાની ક્યારેય કોઈ જરૂરત ન પડે.

[2]જણાયું કે ઈમાન-બિલ્લાહ અર્થાત્ એક અલ્લાહ પર ઈમાન જ ઈસ્લામનો મૂળ સારાંશ છે. બાકી જેટલા પણ અકીદાઓ તથા આદેશોનું શિક્ષણ ઈસ્લામમાં આપવામાં આવ્યું છે એ વાસ્તવમાં એક અલ્લાહ ઉપર ઈમાનનો જ તકાદો છે. અલ્લાહ પર ઈમાન અર્થાત્ તેની 'રુબૂબિયત' (રબ હોવું), 'ઉલૂહિયત' (ઈલાહ હોવું) અને 'મેહબૂબિય'ત (મહેબૂબ-પ્રિય હોવું)ના એકરારથી જીવન એ સ્વરૂપ ધારણ કરી લે છે જેનાથી બહેતર અને જેનાથી વધુ સુંદર અને રાહત આપનાર જીવનની આપણે કલ્પના પણ નથી કરી શકતા. એ જ જીવન છે જેને મો'મિન (ઈમાનવાળા)ના જીવન સાથે સરખાવવામાં આવે છે.

આ હદીસમાં જે વાત ઈર્શાદ ફરમાવવામાં આવી છે એ અલ્લાહના ગ્રંથ કુર્આનથી લીધેલ છે. આથી કુર્આને હકીમમાં છે :

"નિશ્ચિતપણે જે લોકોએ કહી દીધું કે અલ્લાહ અમારો રબ છે, પછી તેના પર મક્કમ રહ્યા, તેમના માટે ન કોઈ ભય છે અને ન તેઓ દુઃખી થશે." (સૂરઃ અહ્કાફ, આયત-૧૩)

હકીકત આ છે કે જીવન જે વસ્તુથી સજ્જ છે તે બસ આ જ છે કે માણસ પોતાના જીવન-સ્રોત અર્થાત્ અલ્લાહથી વાકેફ હોય. તેનું સાચું જોડાણ અલ્લાહથી જ હોય. એ જ એનો સહારો અને સમગ્ર તમન્નાઓનું કેન્દ્ર તથા ધરી હોય એ જ તેની રુચિનું શરણ-સ્થળ હોય. તેને મળવાની આરઝૂમાં જ તે જીવતો હોય, અને તેના જ માટે એ માટીમાં મળી જવાની તમન્ના ધરાવતો હોય. તેની જ પ્રસન્નતા તથા ખુશીની તલબ તેને કાર્ય-ક્ષેત્રમાં સક્રિય રાખતી હોય. તેની મહાનતા અને મોટાઈથી એ જગતને વાકેફ કરવા માટે પ્રયત્નશીલ હોય. તેના જ આદેશોને લાગુ કરવા કે અમલી બનાવવાની આરઝૂ તેને અસત્ય સાથે સંઘર્ષરત્ રાખતી હોય. કુર્આનમાં છે :

"હકીકત આ છે કે જે લોકો અમારી સાથે મુલાકાતની આશા નથી રાખતા અને દુનિયાની જિંદગી પર જ ખુશ અને સંતુષ્ટ થઈ ગયા છે અને જે લોકો અમારી નિશાનીઓ પ્રત્યે ગાફેલ છે, તેમનું અંતિમ ઠેકાણું જહન્નમ હશે, તે બૂરાઈઓના બદલારૂપે જેની કમાણી તેઓ (પોતાની આ ખોટી માન્યતા અને ખોટી વર્તણૂકના કારણે) કરતા રહ્યા." (સૂરઃ યૂનુસ, આયતો - ૭, ૮)

આમાં શંકા નથી કે રબના દીદારની તમન્ના મો'મિન (ઈમાનવાળા) માટે જીવન-ઉષ્માની હેસિયત ધરાવે છે. આ જ તેની કૌવ્વત અને તેના જીવનની આબરૂ છે.

"જ્ઞાન સભા"

## હન્ફી દ્વારા અસ્રની નમાઝ શાફઈ સમયમાં અદા કરવી

"જ્ઞાન સભા"

**ડૉ.રઝિયુલ ઈસ્લામ નદવી**

**પ્રશ્ન : એક આંતરરાષ્ટ્રીય સ્તરની ખ્યાતિ ધરાવનાર વ્યક્તિનો ઈન્તેકાલ થયો. વિવિધ દેશોમાં તેમની જનાઝાની ગાઈબાના-નમાઝ પઢવાના સમાચાર મળ્યા. અમે પણ પોતાના શહેરમાં આનું એલાન કર્યું તો અમારા સાથીઓ વચ્ચે મતભેદ સર્જાયો. કેટલાકે કહ્યું કે જનાઝાની ગાઈબાના નમાઝ પઢવી જાઈઝ નથી.**

**મહેરબાની કરીને આ અંગે સ્પષ્ટતા ફરમાવો. શું શરઈ રીતે જનાઝાની ગાઈબાના નમાઝની પરવાનગી નથી ? જો છે તો ક્યાં સુધી પઢી શકાય છે ? શું મૈયતની તેના મુકામ પર જનાઝાની નમાઝ પઢાય એ પહેલાં બીજા મુકામે ગાઈબાના પઢી શકાય છે ?**

**ઉત્તર :** જનાઝાની ગાઈબાના નમાઝ અંગે ફિકહવેત્તાઓ વચ્ચે મતભેદ છે. ઈમામ શાફઈ રહ. અને ઈમામ અહમદ રહ. આના ઉચિત હોવાનું માને છે. તેમની દલીલ આ છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.ને જ્યારે હબ્શાના બાદશાહ નજ્જાશીના ઈન્તેકાલના સમાચાર મળ્યા, તો આપ સ.અ.વ. સહાબાએ કિરામ રદિ. સાથે નીકળ્યા અને એક સ્થળે એકત્ર થઈને તેની જનાઝાની ગાઈબાના નમાઝ પઢી. (બુખારી : ૩૮૮૧, મુસ્લિમ : ૯૫૧)

ઈમામ અબૂ હનીફા રહ. અને ઈમામ માલિક રહ. આને ના-જાઈઝ ઠેરવે છે. તેમની દલીલ આ છે કે નજ્જાશીની જનાઝાની ગાઈબાના નમાઝ એક અપવાદરૂપ મામલો હતો. તેણે ઈસ્લામ અંગીકાર કરી લીધો હતો, પરંતુ તેનો મામલો તેની કોમમાં ઘોષિત થયો ન હતો. કેમકે તેની જનાઝાની નમાઝ પઢવામાં આવી ન હતી, આથી રસૂલુલ્લાહ સ.અ.વ.એ તેનું (જનાઝાની ગાઈબાના નમાઝનું) આયોજન કર્યું હતું. આ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે રસૂલુલ્લાહ સ.અ.વ.ની 'હયાતે-તૈય્યિબા' (પવિત્ર જીવન)માં ઘણા બધા સહાબાએ કિરામ રદિ.ની શહાદત થઈ. ગઝ્વએ મુવત્તામાં આપ સ.અ.વ.એ નિયુક્ત કરેલા ત્રણેય સરદારો અને અનેક મુસલમાનોની શહાદતના દુઃખદ બનાવો બન્યા, પરંતુ આપ સ.અ.વ.થી ક્યારેય તેમની જનાઝાની ગાઈબાની નમાઝ પઢવી પુરવાર થયેલ નથી. સ્વયં જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ.ની વફાતનો બનાવ બન્યો ત્યારે પણ ઘણા બધા સહાબા રદિ. દૂર-સુદૂર વિસ્તારોમાં રહેતા-વસવાટ કરતા હતા, પરંતુ આ પુરવાર નથી કે તેમણે ક્યાંય પણ આપ સ.અ.વ.ની જનાઝાની ગાઈબાના નમાઝ પઢી હોય.

આ વિગતોથી જણાય છે કે જનાઝાની ગાઈબાના નમાઝને નિયમિત કાર્ય રૂપે અમલમાં લાવવી દુરસ્ત નથી, અલબત્ત કોઈ મોટી વ્યક્તિની વફાત પર જો જનાઝાની ગાઈબાના નમાઝ પઢી લેવામાં આવે તો નજ્જાશીના બનાવથી તેની ગુંજાયશ છે, જેમકે કેટલાક ફિકહવેત્તાઓએ તેના ઔચિત્યનો અભિપ્રાય આપ્યો છે.

# વિવાદોમાં શ્રેષ્ઠ વલણની શોધ

**ઇસ્લામી મુઆશરા**

**● મૌલાના સૈયદ જલાલુદ્દીન ઊમ્રી**



કોઈ પણ સામૂહિકતા માટે આ અશક્ય છે કે એ દરેક પ્રકારના વિખવાદ કે ઝઘડાથી સુરક્ષિત રહે. પરિવારમાં પણ વિખવાદ થાય છે અને પાડોશીઓ વચ્ચે પણ. ખૂબી અને કમાલ આ છે કે વિખવાદો કે લડાઈ-ઝઘડા સાથે આપણો પરસ્પરનો વ્યવહાર એવો હોવો જોઈએ કે મામલાની તીવ્રતામાં ઘટાડો થાય. વિખવાદોનું સમાધાન કે નિરાકરણ જલદી થતું રહે, અને સૌથી મહત્ત્વની વાત આ છે કે વિખવાદો છતાં સંબંધો સારા અને ચરિત્ર ઉચ્ચ રહે. અમે અહીં વિખવાદો કે લડાઈ-ઝઘડા સાથે વર્તવાના કેટલાક મુદ્દા વિચાર-મનન માટે રજૂ કરી રહ્યા છીએ.

સંબંધોને એટલા સારા રાખો કે વિખવાદોને કોઈ રસ્તો કે મોકો જ ન મળે. ઘણા ખરા વિખવાદો એ સમયે માથું ઊંચકે છે કે જ્યારે સંબંધોમાં બગાડ આવી જાય છે. જ્યાં સુધી સંબંધો પર દોસ્તી અને ઉત્સાહનો રંગ છવાયેલો રહે છે ત્યાં સુધી વિખવાદોને માથું ઊંચકવાનો મોકો નથી મળતો. પાડોશી મારા ઘરની સામે ગાડી ઊભી કરી દે છે. હું આ કહીને ટાળી દઉં છું કે અરે આપણો સાથીદાર જ તો છે.

વિખવાદ છતાં સંબંધો જાળવી રાખો. જો પાડોશી સાથે કોઈ વિખવાદ કે ઝઘડો થઈ ગયો હોય તો તેનો આ અર્થ નથી કે પાડોશીના ઘરે ભેટ-સોગાદ મોકલવાનું બંધ કરી દો. વિખવાદ હોય કે ન હોય, પાડોશનો સંબંધ દરેક સ્થિતિમાં બાકી રહેવો જોઈએ. જેવી રીતે વિખવાદ પહેલાં એકબીજાની સાર-સંભાળ રાખતા હતા, વિખવાદ પછી પણ રાખતા રહો.

દરેક પ્રશ્ન કે સમસ્યાને વિખવાદનો રૂપ આપવામાં ન આવે. ઘણા ખરા નાના પ્રશ્નો કે સમસ્યાઓની ઉપેક્ષા કરતા રહો.

સખત પગલા કે કાર્યવાહીથી પહેલાં સમજાવવાથી કામ લો. પાડોશીના કોઈ વલણથી જો તમને તકલીફ પહોંચે છે તો તેનો આ અર્થ નથી કે તમે તેની વિરુદ્ધ તુરત જ કોઈ મોટી કાર્યવાહી કરો. તેને નરમી અને હિકમતથી સમજાવો. વારંવાર સમજાવો.

અહંને વચ્ચે ન આવવા દો. વિખવાદો એ સમયે ઉકેલને લાયક નથી રહેતા કે જ્યારે પક્ષકારો તેને પોત-પોતાના અહંનો પ્રશ્ન બનાવી લે છે. જો કોઈ પક્ષકાર નિઃસ્વાર્થતાથી કામ લે તો મોટા મોટા પ્રશ્નો સહેલાઈથી ઉકેલાઈ જાય છે.

**અના રિશ્તોંકી દુશ્મન હૈ અઝલસે**
**અનાકો બીચમેં આને ન દેના**

વિખવાદને ઉકેલવાની શ્રેષ્ઠ રીત અંગે વિચારો, મનન કરો. વિખવાદના સમાધાન કે નિરાકરણ માટે જે લોકો મધ્યસ્થી તરીકે નક્કી થાય છે, તેમની જવાબદારી હોય છે કે વિખવાદ કે લડાઈ-ઝઘડાના શ્રેષ્ઠ ઉકેલ સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવે. જો પક્ષકાર પોતે આ રીતે વિચારે તો કદાચ મધ્યસ્થી નીમવાની જરૂરત જ ઊભી ન થાય.

પ્રશ્નોના સ્વીકારપાત્ર ઉકેલ શોધો. જ્યારે તમે સમસ્યા કે પ્રશ્નનો એવો ઉકેલ સૂચવો છો કે જે ફક્ત તમને જ પસંદ કે ઉચિત જણાતો હોય અને બીજા પક્ષકાર માટે એ પસંદપાત્ર કે ઉચિત ન હોય તો મામલાઓ ગૂંચવાઈ જાય છે. શુભેચ્છા અને ભલાઈની ભાવનાથી એવો ઉકેલ વિચારો જે બન્ને માટે ઉચિત અને સારો હોય, અને જેમાં બન્નેની ભલાઈ હોય. આવું ત્યારે જ થશે કે જ્યારે તમે પ્રશ્નને પક્ષકારની હેસિયતથી નહીં બલ્કે મધ્યસ્થીની હેસિયતથી જુઓ.

વિખવાદને વધવા ન દો. જો બે વ્યક્તિઓનો વિખવાદ કે ઝઘડો છે તો તેને વધારીને બે પરિવારો વચ્ચેનો વિવાદ કે ઝઘડો ન બનાવો. મહિલાઓના મામલા પુરુષો સુધી ન પહોંચે અને પુરુષોના મામલા મહિલાઓ સુધી ન પહોંચે. એવું પણ ન થાય કે બે વ્યક્તિઓ વચ્ચેના ઝઘડામાં મહોલ્લો બે પક્ષકારોમાં વિભાજિત થઈ જાય.

નાના પ્રશ્ન પર મોટી પ્રતિક્રિયા વ્યક્ત ન કરો. ઘણી વખત આપણી તીવ્ર પ્રતિક્રિયા નાના પ્રશ્નને મોટો પ્રશ્ન બનાવી દે છે. મોટાભાગે જોવામાં આવે છે કે નાની સરખી વાત પર મોટો હંગામો ઊભો થઈ જાય છે અને વાત કોર્ટ સુધી પહોંચી જાય છે.

વિવાદ કે ઝઘડામાં વિચારોની આપ-લે (Communication) બનાવ્યે રાખો. એવું ન થાય કે કોઈ પ્રશ્ન કે સમસ્યા ઊભી થઈ અને પક્ષકારો વચ્ચે વાતચીતનો સંપર્ક જ તૂટી ગયો. આનાથી સમસ્યાઓના ઉકેલમાં અસાધારણ વિલંબ થાય છે. વાતચીતનો દોર ચાલતો રહે તો સમસ્યાનો ઉકેલ જલ્દી આવી જાય છે.

સદ્‌વર્તનથી પણ પ્રશ્નો કે સમસ્યાઓ ઉકેલાઈ જાય છે. જ્યારે તમે વિવાદ હોવા છતાં સદ્‌વર્તન કે સદ્‌ચરિત્ર દાખવો છો તો બીજો પક્ષકાર નરમ પડી જાય છે, અને સમસ્યાને ઉકેલવા અંગે વધુ ગંભીર બની જાય છે.

બાળકોના મામલાઓને પણ મોટાઓના વિવાદ કે ઝઘડા ન બનાવો કે બનવા ન દો. બાળકો પરસ્પર લડે-ઝઘડે છે, માર-પીટ પણ કરી લે છે, પરંતુ થોડી જ વાર પછી ફરીથી સાથે રમવા લાગે છે. જો આ જ બાળકોનો મામલો જ્યારે મોટાઓ સુધી પહોંચે છે તો તેમની વચ્ચે લાંબી લડાઈ શરૂ થઈ જાય છે.

મારો બાળક હંમેશ દુરસ્ત કે ખરો અને સાચો છે, આ ખોટા વિચારથી બચો. આ વિચાર ઘણાં બધા ફિત્નાઓને જન્મ આપે છે જો તમારો બાળક પાડોશીની શિકાયત લઈને તમારી પાસે આવે છે તો જરૂરી નથી કે ભૂલ પાડોશીની અને ફક્ત પાડોશીની જ હોય.

(અનુસંધાન 5મા પાને)

**સોનેરી વાક્યો** **સોનેરી વાક્યો**

## સોનેરી કથન

- જન્નતની તુલનામાં મોટામાં મોટી ને'મત તુચ્છ છે અને દોઝખની તુલનામાં મોટામાં મોટી મુસીબત સરળ અને સહન કરવા લાયક છે. – હઝરત હસન બસરી રહ.
- દરરોજ પોતાના (માતા-પિતા સહિત) નજીકના પ્રિયજનોને કબ્રમાં દફનાવો છો, પરંતુ બોધપાઠ નથી લેતા. – હઝરત ઇબ્રાહીમ બિન અદ્‌હમ રહ.
- અલ્લાહની પ્રસન્નતા ૪ વાતોમાં છે : (૧) જેટલી રોજી ઉપલબ્ધ હોય તેમાં સંતોષ અનુભવો. (૨) કામમાં એખલાસ રાખો. (૩) બૂરી વાતોથી નફરત કરો. (૪) મોતની તૈયારી કરો. – હઝરત ઇબ્રાહીમ બિન અદ્‌હમ રહ.
- જ્યારે કોઈ વાસણમાં કોઈ વસ્તુ નાખવામાં આવે તો એ ભરાઈ જાય છે અને તેમાં વધુ ગુંજાયશ નથી રહેતી; પરંતુ જ્ઞાનનું વાસણ ક્યારેય નથી ભરાતું, બલ્કે માનવ-છાતી એવું વાસણ છે કે તેમાં જેટલું જ્ઞાન નાખો એ મોટું થતું જાય છે. – અજ્ઞાત

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

Late Yunushbhai Sabuwala
Samir Sabuwala 98245 47998
Abuzar Sabuwala 79841 77790
FIRDOSH
Plain Cotton, Poplin, Printed Cotton, Jaipuri Printed, Cambric, All Type of Cotton Chaniya Retail & Wholesale
Opp. Sabuwala Co., Dhalgarwad Kapad Bazar, Ahmedabad

'ઇલાહી! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઇલાહી! મુઝે ગુનાહોં સે ઇતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)

અલ-કફીલ પુઠાવાળા
મો: ૯૮૭૯૧ ૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

રફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃંદાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.



M : 9898062816
Video Call - M : 9428419044
25
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound, S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૭૨૪૭ ૭૮૬૯૮

Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પલેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાઈવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

# પાડોશી સાથેના સંબંધની માનસિકતા: તબીબી વિજ્ઞાનની નજરે

ડૉ.મલીહા ફાતિમા ઝાકીર
(MBBS વિદ્યાર્થીની, ગુજરાત)




**આપણા પાડોશી એટલે શું?**

તમે ક્યારેય વિચાર્યું છે કે માણસનું દિલ કેમ ઇચ્છે છે કે તેના આજુબાજુ લોકો હોય? કોઈ અજાણી વ્યક્તિનું એક સ્મિત આપણા દિલનો થાક દૂર કરી દે છે આવું કેમ? કદાચ એ માટે કે માણસ એકાંત માટે બનાવાયો નથી, પણ સંબંધોની રોશનીમાં જીવવા માટે જન્મ્યો છે. અને એ સંબંધોમાં સૌથી નજીકનો, પરંતુ ઘણી વાર અવગણાયેલો સંબંધ પાડોશીનો છે.

ઇસ્લામમાં પાડોશીનો હક્ક ફક્ત એક સામાજિક જવાબદારી નથી, બલ્કે તેને ઇબાદતનો દરજ્જો આપવામાં આવ્યો છે. તે જ સમયે મનોચિકિત્સા કહે છે કે પાડોશીઓ સાથેના સારા સંબંધો આપણી માનસિક તંદુરસ્તી, તણાવના નિયંત્રણ અને ત્યાં સુધી કે હૃદયરોગોથી બચાવમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બંને દૃષ્ટિકોણ એક જ સત્ય વ્યક્ત કરે છે કે માણસનું સુકૂન તેના આજુબાજુના લોકો સાથેના જોડાણમાં છે.

આપણા પાડોશી, જે રોજ આપણી આસપાસ રહે છે, તેઓ આપણી માનસિક અને શારીરિક તંદુરસ્તી પર ઊંડો પ્રભાવ પાડે છે. તેઓ ફક્ત "આસપાસના લોકો" નથી, પરંતુ આપણી લાગણીસભર સુરક્ષાનો એક ભાગ છે?

આજના સમયમાં, જ્યારે એકલતા અને તણાવ સામાન્ય બની ગયા છે, ત્યારે સારા પાડોશીઓ સાથેનો સંબંધ એવી દવા છે જે પ્રિસ્ક્રિપ્શન વિના દરરોજ આપણી જિંદગીને સુધારી આપે છે.

**૧. માનવ મગજ અને પાડોશનુ વિજ્ઞાન**

**• મગજની સામાજિક રચના**

વિજ્ઞાનીઓ કહે છે કે આપણું મગજ "સોશિયલ બ્રેઈન" છે, એટલે કે તે બીજાઓ સાથે જોડાવવા માટે બનાવાયું છે. જ્યારે આપણે કોઈ પાડોશીને સ્મિત સાથે મળીએ છીએ, તેમના ખબરઅંતર પૂછીએ છીએ, અથવા નાની સરખી મદદ કરીએ છીએ, ત્યારે આપણા મગજમાંથી ઓક્સિટોસિન (Oxytocin) અને એન્ડોર્ફિન (Endorphins) જેવા "હેપ્પી હોર્મોન" બહાર પડે છે. આ હોર્મોન તણાવ ઘટાડે છે, બ્લડ પ્રેશર સંતુલિત રાખે છે અને આપણા મૂડને સુધારે છે? પરંતુ જ્યારે માણસ પોતાના આસપાસનાં લોકો સાથેનું જોડાણ તોડી નાંખે છે, ત્યારે શરીર પર તેનો ઊલટો પ્રભાવ પડે છે — કોર્ટિસોલ (Cortisol) વધે છે, ઇમ્યુન સિસ્ટમ નબળી પડે છે અને હૃદયરોગનો ખતરો વધી જાય છે. સંક્ષેપમાં કહીએ તો,પાડોશીનું એક સાચું સ્મિત પણ દવા સમાન અસર કરી શકે છે.

**• ભાવનાત્મક આધાર "Emotional Safety Net"**

રટગર્સ યુનિવર્સિટીના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે જેમના પાડોશીઓ સાથે સારા સંબંધો હોય છે, એ લોકોમાં ઉદાસીનતા (Depression) અને ચિંતા (Anxiety) ઓછી જોવા મળે છે, ખાસ કરીને વૃદ્ધોમાં. કારણ સરળ છે..જ્યારે કોઈ વ્યક્તિને ખબર હોય કે જરૂર પડ્યે કોઈ નજીકમાં છે, ત્યારે મગજની "HPA Axis" શાંત થઈ જાય છે, કોર્ટિસોલ ઘટે છે, અને ઊંઘ, યાદશક્તિ તથા રોગપ્રતિકારક શક્તિ સુધરે છે. આ બિલકુલ એવું જ છે જેમ ડૉક્ટર કોઈ તણાવગ્રસ્ત દર્દીને હળવી દવા સાથે "સપોર્ટ સિસ્ટમ" રાખવાની સલાહ આપે — પાડોશી એ જ સપોર્ટ સિસ્ટમ છે, જે વિના એપોઇન્ટમેન્ટ હંમેશા હાજર રહે છે.

**• મનોચિકિત્સા અને "નાની-નાની વાતો"**

ક્લિનિકલ મનોચિકિત્સા કહે છે કે માઇક્રો-ઇન્ટરએક્શન્સ..એટલે કે રોજબરોજની નાની-નાની વાતચીત મન પર મોટો પ્રભાવ પાડે છે..એક હળવું સ્મિત, દરવાજા પરનો "સલામ" અથવા "નમસ્તે", બાળકો સાથેની હસી-મજાક — આ બધું વેગસ નર્વ (Vagus Nerve) ને સક્રિય કરે છે, જે હૃદયના ધબકારાને નિયંત્રિત કરે છે અને શરીરને આરામ આપે છે..એટલે કે દરેક દયાળુ વર્તન શરીરમાં એક "શાંત લહેર" ઉત્પન્ન કરે છે. આ ડિપ્રેશન અને એન્ઝાયટી Anxiety અટકાવવામાં મદદરૂપ બને છે..આ છે પ્રિવેન્ટિવ સાયકિયાટ્રી, તે પણ વિના દવાએ..

**● પર્યાવરણ મનોચિકિત્સા: વાતાવરણ અને મનનો સંબંધ**

સારો પાડોશ ફક્ત સ્વચ્છ રસ્તાઓ કે સુંદર ઘરો પૂરતો નથી, પણ ત્યાંની માનવીય ઉષ્મામાં વસે છે. જ્યારે લોકો એકબીજા પર વિશ્વાસ રાખે છે, બાળકોની દેખભાળમાં સહાય કરે છે, કે જરૂર સમયે એકબીજાને મદદ કરે છે, ત્યારે એ મહોલ્લામાં સામૂહિક શક્તિ (collective efficacy) ઊભી થાય છે..એટલે "અમે સાથે મળી કરી શકીએ" એવી ભાવના..આવા વાતાવરણમાં તણાવ, ગુનાઓ અને એકલતા ઘટે છે. "કેમ છો?" અથવા "હું સાથે છું" જેવા શબ્દો આપણા દિલ અને મગજ માટે એવા જ છે જેમ ધબકારા માટે ઓક્સિજન.

**૨.આરોગ્ય વિજ્ઞાન મુજબ પાડોશી દવા સમાન છે**

**● હાર્ટ અને ઇમ્યુન સિસ્ટમ પર અસર**

વિજ્ઞાનિક અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે જેમના સામાજિક સંબંધો મજબૂત હોય છે, તેમનામાં હૃદયરોગ, બ્લડ પ્રેશર અને સોજા (Inflammation)નું સ્તર ઓછું જોવા મળે છે..સારા સંબંધો શરીરમાં "Heart Rate Variability (HRV)" સુધારે છે — એટલે કે દિલ પરિસ્થિતિ મુજબ લચીલું અને સ્થિર રહે છે.

તેનાથી વિપરીત, જ્યારે માણસ એકલતા અનુભવે છે, ત્યારે મગજનો એ ભાગ (anterior cingulate cortex) સક્રિય થાય છે, જે શારીરિક પીડા વખતે સક્રિય થતો હોય છે..એટલે એકલતા ફક્ત "ભાવનાત્મક દુઃખ" નથી, પરંતુ તે શરીરિક દુઃખાવા જેવી અનુભૂતિ આપે છે..




**જાહેર આરોગ્ય (Public Health)માં પાડોશીની ભૂમિકા**

આપાતકાળની પરિસ્થિતિઓમાં — જેમ કે કોઈ વૃદ્ધ વ્યક્તિનું પડી જવું, અચાનક બેભાન થઈ જવું અથવા સ્ટ્રોકના લક્ષણો દેખાવા.. ત્યારે સૌ પ્રથમ મદદ કરનાર વ્યક્તિ ડૉક્ટર નહીં,પણ પાડોશી જ હોય છે.

મહામારી કે આફતના સમયમાં, જ્યાં પાડોશીઓ વચ્ચે વિશ્વાસ અને સંવાદ મજબૂત હોય છે, ત્યાં સાજા થવાની ગતિ ખૂબ તેજ બની જાય છે..આ આરોગ્ય વ્યવસ્થાની પ્રથમ સુરક્ષા રેખા છે..બરાબર એ જ રીતે જેમ ઇમ્યુન સિસ્ટમ શરીરને અંદરથી રક્ષણ આપે છે.

**• માનસિક આરોગ્ય: સામૂહિક સંભાળની શક્તિ**

મનોચિકિત્સકો "collective care" ને માનસિક આરોગ્યની મૂળ શરત માને છે. જ્યારે લોકો એકબીજા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા રહે છે, ત્યારે ઉદાસીનતા (Depression) અને આત્મહત્યાની શક્યતા ઘટે છે.

પાડોશીની ખેરખબર પૂછવી, ચા પર બોલાવીને વાત કરવી,કે બીમાર માટે ભોજન કે નાસ્તો કે ફળ મોકલવા.. આ બધું community antidepressants છે..એ એવી "દવા" છે, જે માનવીના અંદરથી જન્મે છે..

**૩.ઇસ્લામી દૃષ્ટિકોણ: માનવતાના સંબંધની હિફાજત**

ઇસ્લામમાં પાડોશીનો હક્ક ઘણો વ્યાપક છે..

કુર્આન કહે છે :

"અલ્લાહની ઇબાદત કરો અને પાડોશી સાથે સારું વર્તન કરો, ભલે તે નજીકનો હોય કે દૂરનો." (સૂરઃ અન્-નિસા, આયત-૩૬)

હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ફરમાવ્યું:

"તે વ્યક્તિ મોમિન નથી, જેનો પાડોશી તેના નુકસાનથી સુરક્ષિત ન હોય."

આ ઉપદેશો દર્શાવે છે કે સારો પાડોશી બનવું ફક્ત એક સામાજિક જવાબદારી નથી, પણ એક આત્મિક ફરજ પણ છે..

ઇસ્લામી દૃષ્ટિકોણથી પાડોશીનો હક એ છે કે તેની ઇઝ્ઝતની રક્ષા કરવી, મુશ્કેલીમાં મદદ કરવી અને તેની ભૂલોને માફ કરવી.

આ બધું એ જ ભાવનાત્મક સુરક્ષાને મજબૂત કરે છે, જેના અસ્તિત્વની પુષ્ટિ આજનું તબીબી વિજ્ઞાન પણ કરે છે.

ઇમામ અલી ઇબ્ને હુસૈન (ઝૈનુલ આબિદીન રહ.), જેમને ઇમામ સજ્જાદ તરીકે ઓળખવામાં આવે છે, તેમણે પોતાની પ્રખ્યાત કૃતિ "Treatise of Rights" (Risalat al-Huqooq)માં પાડોશીના અધિકારને વિગતવાર સમજાવ્યો છે.

**૪. પાડોશી – એક જીવંત દવા**

મેડિકલ વિજ્ઞાનની ભાષામાં કહીએ તો પાડોશી એ "નેચરલ એન્ટીડિપ્રેસન્ટ" છે, જે જીવનને સંતુલિત રાખે છે..તેઓ આપણી માનસિક પ્રતિરક્ષા શક્તિ (psychological immunity) વધારે છે.. જેમ ઝાડોના મૂળિયા એકબીજા સાથે જોડાયેલા હોય છે અને એકબીજાને પાણી પહોંચાડે છે, તેવી જ રીતે સારા પાડોશીઓ એકબીજાને લાગણીસભર નરમાશ પૂરી પાડતા રહે છે — જેથી કોઈ દિલ સૂકાઈ ન જાય.

સારો અને સ્વસ્થ પાડોશ ફક્ત સંબંધોનો મામલો નથી, પણ તે મનોચિકિત્સા, હૃદયચિકિત્સા અને આત્મા-ચિકિત્સાનું એક સ્વરૂપ છે. જ્યારે આપણે આપણા આજુબાજુના લોકો સાથે જોડાઈએ છીએ, ત્યારે આપણે ફક્ત સમાજને નહીં, પણ પોતાને પણ આરોગ્ય તરફ લઈ જઈ રહ્યા હોઈએ છીએ.

અર્થાત્, સારા પાડોશી સંબંધો ફક્ત સમાજને નહીં, પરંતુ શરીર અને આત્માને પણ સ્વસ્થ બનાવે છે..જે સમાજ પોતાના પાડોશીની પરવા કરે છે, તે માનસિક રીતે મજબૂત અને નૈતિક રીતે જીવંત રહે છે.. કારણ કે પાડોશી ફક્ત ઘર પાસે રહેતી વ્યક્તિ નથી હોતી બલ્કે તે દિલ પાસે રહેતો

(અનુસંધાન દસમા પાને)



# 'પાડોશીના હક્કો' (હકૂક-એ-હમસાયા) અભિયાનઃ વેર-વિખેર થતા માનવ સંબંધોને જોડવા માટેનું એક સંગઠિત સુધારાત્મક અભિયાન

## દિલથી દિલ સુધી પહોંચ, સ્થાનિક સ્તરે બેઠકો, વ્યક્તિગત વાતચીત અને સમસ્યાઓને સમજીને તેના નિરાકરણનો પ્રયાસ કરવામાં આવશે

### જુમ્આના ખુત્બા, ભેટોની આપ-લે અને ફોલો-અપ કાર્યક્રમ આ અભિયાનના મહત્ત્વનો ભાગ છે : અન્ય ધર્મના ભાઈઓ-બહેનો સાથે પણ સંપર્ક કરાશે અને યુવાનો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે

*પ્રસ્તાવનાઃ વ્યસ્ત શહેરી જીવન અને વધતી જતી "વ્યક્તિવાદ (Individualism)"ની ભાવનાને કારણે લોકો વચ્ચેનું અંતર વધી ગયું છે. પાડોશીઓ એકબીજાની નજીક રહેવા છતાં અજાણ્યા બની ગયા છે. આ તૂટતા સંબંધોને ફરીથી જોડવા અને લોકોના દિલમાં પરસ્પર પ્રેમ તથા પરોપકારની ભાવના જગાડવા માટે, જમાઅતે ઈસ્લામી હિંદ ૨૧ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન દેશભરમાં 'હુકૂક-એ-હમસાયા' (પાડોશીના હક્કો) શીર્ષક હેઠળ એક અભિયાન ચલાવવાની તૈયારી કરી રહી છે. આ અભિયાનની વિગતો જાણવા માટે, અમે અભિયાનના કન્વીનર અને જમાઅતે ઈસ્લામી હિંદના રાષ્ટ્રીય સચિવ મુહમ્મદ અહમદ સાથે વાતચીત કરી, જે 'હફ્ત રોઝા દાવત'ના સૌજન્યથી અહીં શાહીન સાપ્તાહિકના વાચકો સમક્ષ રજૂ કરવામાં આવી છે.*

**સવાલ :** સૌ પ્રથમ એ જણાવો કે "પાડોશીના હક્કો" અભિયાનનો મૂળભૂત ખ્યાલ શું છે?

**જવાબ :** આ મર્યાદિત સમયગાળાની યોજનામાં સમાજ સુધારણાના ભાગ રૂપે ઘણું વિચાર્યા પછી એ વાત સ્પષ્ટ થઈ કે આપણા સમાજમાં પાડોશીઓથી અંતર વધતું જઈ રહ્યું છે. આસપાસ રહેવા છતાં લોકો એકબીજાથી અલિપ્ત રહે છે. તેનું કારણ આ છે કે લોકોમાં સારા સમાજનો ખ્યાલ માત્ર સગાં-સંબંધીઓ અને કુટુંબ પૂરતો સીમિત થઈ ગયો છે. જ્યારે કે એક સુખી જીવન અને સારા સમાજની રચના માટે સગાં-વહાલાંની સાથે-સાથે સારો પાડોશ હોવો પણ એટલો જ જરૂરી છે. આ જ મુદ્દાને ધ્યાનમાં રાખીને 'પાડોશીના હક્કો'ને પ્રાથમિકતા આપીને આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.



**સવાલ :** અભિયાનના મુખ્ય ઉદ્દેશો શું છે? શું આ માત્ર જાગૃતિ અભિયાન છે કે વ્યવહારિક વર્તનમાં પરિવર્તન લાવવાનો પણ પ્રયાસ છે?

**જવાબ :** આ એક મહત્ત્વપૂર્ણ સવાલ છે. સામાન્ય રીતે જોવા મળે છે કે જ્યારે કોઈ અભિયાન ચાલે છે, ત્યારે તેના સમયગાળા દરમિયાન અમે પૂરી સક્રિયતા સાથે કાર્ય કરીએ છીએ, પરંતુ સમયગાળો પૂરો થયા પછી નિશ્ચિંત થઈ જઈએ છીએ અને તેનું ફોલો-અપ થતું નથી. આના પરિણામે ઈચ્છિત પરિણામો પ્રાપ્ત થતા નથી. પરંતુ આ અભિયાનમાં એવું નહીં થાય. અમારો પ્રયાસ રહેશે કે પાડોશી ધર્મ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને વ્યવહારમાં આ હક્કોનું પાલન થાય તથા તેને અદા કરવાની આદત કેળવાય. આ જ કારણ છે કે આ અભિયાન દરમિયાન લાંબા ભાષણો કે લાંબા કાર્યક્રમો વગેરેથી દૂર રહેવામાં આવશે. અભિયાન દરમિયાન નાની-નાની બેઠકો થશે, લોકો સાથે બેસીને સુખ-દુઃખની વાતો થશે અને પાડોશીના હક્કો અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ જાગૃતિ માત્ર તેમનામાં જ નહીં, પરંતુ અમે પોતે પણ તેને અમારા વ્યવહારિક જીવનમાં લાગુ કરવાનો પ્રયાસ કરીશું. જ્યાં સુધી સમાજના દરેક વ્યક્તિમાં હક્કોનું પાલન કરવા અને પડોશી પ્રત્યે આત્મીયતા અને પ્રેમની ભાવના નહીં હોય, ત્યાં સુધી સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકશે નહીં.

**સવાલ :** આ અભિયાન દરમિયાન જાગૃતિ કાર્યક્રમને જે રીતે વ્યવહારિક સ્વરૂપ આપવામાં આવશે, તેની પદ્ધતિ શું હશે?

**જવાબ :** વ્યવહારિક સ્વરૂપ આપવાનો અર્થ એ છે કે આપણામાંથી કોઈ પણ વ્યક્તિનો તેના પોતાના પડોશી સાથેનો સંબંધ કડવો હોય કે સંબંધો તણાવપૂર્ણ હોય, તો તેમની સાથે ખાસ મુલાકાત કરવામાં આવશે. તેમને આત્મ-નિરીક્ષણ (Self-Introspection) કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને નિષ્પક્ષતાથી એકવાર ખૂબ ઊંડાણપૂર્વક વિચારવા માટે પ્રેરિત કરવામાં આવશે કે આ સંબંધોની કડવાશ તેમના અને તેમના પાડોશીના હિતમાં કેવા નકારાત્મક પરિણામો લાવી રહી છે. અમે પોતે પણ આત્મ-નિરીક્ષણ કરીશું અને અમારા પોતાના પડોશીઓ સાથેના સંબંધોની ગુણવત્તાનું મૂલ્યાંકન કરીશું. જો તેમાં અમારી ભૂલ જણાશે, તો માફી માગવામાં કે દિલગીરી વ્યક્ત કરવામાં જરાય ખચકાઈશું નહીં અને લોકોને પણ આ જ પ્રેરણા આપવામાં આવશે.

**સવાલ :** પાડોશીઓના હક્કોના સંદર્ભમાં સમાજમાં કયા વલણો સુધારાની જરૂરિયાત ધરાવે છે અને આ અભિયાન કયા પાસાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે?

**જવાબ :** મૂળભૂત વાત આ છે કે પાડોશી વિશે કુર્આન અને હદીસમાં જે કંઈ કહેવામાં આવ્યું છે, તે મુજબ હક્કો અદા કરવામાં આવે. પાડોશીને કુર્આનમાં "સાહિબ-અલ-જંબ" કહેવામાં આવ્યું છે. આ શબ્દના અર્થઘટનમાં ઘણા એવા પાડોશીઓનો સમાવેશ થાય છે જેના પર સામાન્ય રીતે ધ્યાન અપાતું નથી, જેમ કેઃ કોઈ આપણી સાથે મુસાફરી કરનાર સહયાત્રી હોય, કોઈની સાથે વ્યાપારી લેવડ-દેવડનો મામલો હોય. ઈસ્લામી શિક્ષણ અનુસાર, તે બધા આપણા પાડોશીઓ છે અને તેમને તે તમામ હક્કો પ્રાપ્ત છે જે એક પાડોશીના હોય છે, એટલે કે તેમની સાથે સહાનુભૂતિ, પરોપકાર, જરૂરિયાત પૂરી પાડવાનો અને પરસ્પર સહયોગનો સંબંધ હોવો જોઈએ. ઈસ્લામમાં પાડોશી સાથે સારો વ્યવહાર કરવાની સખત તાકીદ કરવામાં આવી છે. તેમાં મુસ્લિમ અને બિન-મુસ્લિમ વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવ્યો નથી. પાડોશી કોઈ પણ જાતિ, સમુદાય કે ધર્મનો હોય, તેની સાથે સારો વ્યવહાર અને પરોપકારનો વ્યવહાર કરવો અનિવાર્ય છે. જો વિચાર કરવામાં આવે તો ખ્યાલ આવશે કે સારો વ્યવહાર, વાસ્તવમાં એક અસરકારક વ્યવહારિક આમંત્રણ (દા'વત) છે. તમારા સારા વર્તન અને વલણથી સામેવાળી વ્યક્તિ ચોક્કસપણે પ્રભાવિત થશે. જો તે બિન-મુસ્લિમ છે, તો તેનામાં તમારા ધર્મ અને ધાર્મિક શિક્ષણને જાણવાની જિજ્ઞાસા પેદા થશે અને જ્યારે તે કુર્આનનો અભ્યાસ કરશે, ત્યારે તે પ્રભાવિત થયા વિના રહી શકશે નહીં.

**સવાલ :** આજના યુગમાં "વ્યક્તિવાદ"ની આદત અને મોબાઈલ ફોનની લતે સગપણના સંબંધોમાંથી પણ હૂંફ છીનવી લીધી છે, આવી સ્થિતિમાં પાડોશીઓ સાથે હળવું-મળવું અને સુખદ સંબંધ વધારવો એક મુશ્કેલ કાર્ય લાગે છે. તમે શું માનો છો?

**જવાબ :** ચોક્કસ, આજે માણસોના વર્તનમાં ઘણો ફરક આવી ગયો છે. આ એક બહુ મોટો પડકાર છે. સોશિયલ મીડિયાનો દુરુપયોગ અને મોબાઈલ ફોન પર સમય પસાર કરવાની લતે યુવાનોને નકારાત્મક દિશામાં ધકેલી દીધા છે. તમે જોશો કે એક જ ઘરમાં જુદા-જુદા સગાં-સંબંધીઓ અલગ-અલગ બેઠા છે અને મોબાઈલ ફોનની દુનિયામાં ખોવાયેલા છે. આ દરમિયાન જો કોઈ મહેમાન આવી જાય કે કોઈ દરમિયાનગીરી કરે તો તેમને ખૂબ જ અસહજતાની લાગણી થાય છે. આવી જ સ્થિતિ મુસાફરી દરમિયાન પણ જોવા મળે છે. આ એક પ્રકારની લત છે જેમાં આજનો યુવાન ખરાબ રીતે સપડાયેલો છે. આ લત આપણા માટે એક મોટો પડકાર છે. અભિયાન દરમિયાન આ વ્યક્તિવાદની માનસિકતાને સમાપ્ત કરવાનો પણ પ્રયાસ કરવામાં આવશે. તેમને જણાવવામાં આવશે કે નેટની દુનિયા જ સર્વસ્વ નથી. તેઓ આ આભાસી દુનિયામાંથી બહાર નીકળીને વાસ્તવિક દુનિયામાં આવે અને જીવંત માણસો સાથે હળે-મળે. આ હળવું-મળવું જ તેમના જીવનમાં સાચી ખુશીઓ લાવી શકે છે. પહેલાં લોકો એકબીજાને મળતા હતા, ગામમાં ચોપાલ હતી, લોકો ચાની દુકાનો અને કૉફી હાઉસમાં બેસીને આસપાસ રહેતા લોકોના હાલચાલ જાણતા હતા, જરૂર પડ્યે પોતાનો સહયોગ આપતા હતા. ઈતિહાસ સાક્ષી છે કે આ ચોપાલ અને કૉફી હાઉસમાંથી મોટી-મોટી ચળવળો ચાલી છે. હવે આ બધું સમાપ્ત થઈ ગયું છે કારણ કે સામૂહિકતાનું સ્થાન વ્યક્તિવાદે લઈ લીધું છે.

(અનુસંધાન દસમા પાને)

જેણે પોતાના મનને સાફ કર્યું એ સફળ થઈ ગયો. અને ન કર્યું એ નિષ્ફળ થયો. (સૂરઃઅશ્ શમ્સ આયત ૯-૧૦)





## વેર-વિખેર થતા...

(છટ્ઠા પાનાનું ચાલુ)

**સવાલ :** અભિયાન હેઠળ દેશભરમાં કયા-કયા કાર્યક્રમો યોજાશે, વિગતો જણાવો?

**જવાબ :** દેશભરમાં અલગ-અલગ વર્ગો માટે અલગ-અલગ કાર્યક્રમો બનાવવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, મહિલાઓ માટે અલગ અને યુવાનો માટે અલગ કાર્યક્રમો. આ અભિયાન દરમિયાન ચાર દિવસ 'સંપર્ક કાર્યક્રમ' માટે ફાળવવામાં આવ્યા છે. અન્ય ધર્મોના ભાઈઓ-બહેનો માટે પણ એક અલગ દિવસ નક્કી કરવામાં આવ્યો છે. અમે જે ગામ કે મહોલ્લામાં જઈશું ત્યાંની અગત્યની વ્યક્તિઓને બોલાવીશું, તેમની સામે અમારા વિચારો રજૂ કરીશું, પછી તેમના સલાહ-સૂચન અને સહયોગથી સામાન્ય લોકો સાથે મુલાકાતો કરીશું. આ મિશનને સફળ બનાવવા માટે માત્ર અમારા કાર્યકરો જ સમર્પિત નહીં હોય, બલ્કે સામાન્ય મુસ્લિમોને પણ ધાર્મિક જવાબદારીનો અહેસાસ કરાવીને સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

**સવાલ :** 'પાડોશીના હક્કો'નો મુદ્દો એક કાયમી મુદ્દો છે. સ્વાભાવિક છે કે તેના માટે દસ દિવસનો સમયગાળો પૂરતો નથી, શું આ સંદર્ભમાં કોઈ લાંબા ગાળાની યોજના પણ ધ્યાનમાં છે?

**જવાબ :** દસ દિવસનો આ સમયગાળો તો માત્ર જાગૃતિ લાવવા માટે એક મિશન તરીકે રાખવામાં આવ્યો છે. પરંતુ આ સિલસિલો પછીના દિવસોમાં પણ ચાલુ રહેશે, તેને સમાપ્ત થવા દેવામાં નહીં આવે. સમાજ સુધારણા અમારો કાયમી કાર્યક્રમ છે અને આ અભિયાન તે જ કાર્યક્રમનો એક ભાગ છે, તેથી તેને પાયામાંથી મજબૂત બનાવવા માટે એક વ્યવસ્થા (Mechanism) તૈયાર કરવામાં આવશે. તેના હેઠળ આ કામ સતત આગળ વધારવામાં આવશે અને લોકોમાં "પાડોશીના હક્કો" વિશે જાગૃતિ તથા વ્યવહારિક ચળવળ પેદા કરવામાં આવતી રહેશે.

**સવાલ :** એવા સમયમાં કે જ્યારે ભાગલાવાદી શક્તિઓએ આપણા મિશ્ર સમાજમાં નફરત ફેલાવીને પરસ્પર સંપર્ક અને સંબંધોમાં અંતર પેદા કર્યું છે, આવી સ્થિતિમાં આ અભિયાન લોકોને કેવી રીતે આકર્ષિત કરી શકશે?

**જવાબ :** આમાં કોઈ શંકા નથી કે સમાજમાં નફરત ફેલાયેલી છે, પરંતુ એવું સમજવું કે આ વાતાવરણમાં કામ કરી શકાતું નથી, તે યોગ્ય નથી. દરેક મનુષ્યમાં પ્રેમનો એક અંશ હોય છે. જો આપણે કોઈને પ્રેમ અને સ્નેહથી મળીએ, તો આ અંશ સક્રિય થઈ જાય છે અને તેના મગજમાં નફરતની જગ્યા પ્રેમ લઈ લે છે. જો આપણે તેમની પાસે જઈશું, આત્મીયતા વ્યક્ત કરીશું, થોડી ભેટ-સોગાદો રજૂ કરીશું, તો આપણા આ વલણથી તેઓ ચોક્કસપણે પ્રભાવિત થશે, અમારી વાતો પર ધ્યાન આપશે અને અમને સાંભળશે. આ માનવીય સ્વભાવ છે: તમે પ્રેમ કરશો તો જવાબમાં પ્રેમ જ મેળવશો. જો આપણે કોઈના ઘરે જઈશું તો એવું નહીં થાય કે તે આપણને કંઈ પણ સાંભળ્યા વિના કાઢી મૂકે. અમે ટ્રેનમાં મુસાફરી દરમિયાન વારંવાર જોઈ ચૂક્યા છીએ કે અમારી સાથે મુસાફરી કરનારાઓ સાથે સારો વ્યવહાર કરવાના બદલામાં સારો વ્યવહાર જ મળ્યો છે. અમે માનવજાતના આ જ ફિતરી (કુદરતી) પાસાનો લાભ ઉઠાવીને 'પાડોશીના હક્કો'ની ચળવળ પેદા કરીશું.

**સવાલ :** આ અભિયાનમાં બિન-મુસ્લિમ પાડોશીઓ સાથે સંપર્ક અને સંવાદની રીત શું હશે? અને જો કોઈ વાત સાંભળવા તૈયાર ન હોય, તો તે પરિસ્થિતિમાં શું વ્યૂહરચના હશે?

**જવાબ :** દરેક ધર્મમાં માણસોને પ્રેમ કરવાનો પાઠ શીખવવામાં આવ્યો છે, ખાસ કરીને પાડોશીને પ્રેમ કરવાને પ્રાથમિકતા આપવામાં આવી છે. ઇસ્લામે તો ખૂબ જ સ્પષ્ટ રીતે આ હક અદા કરવાની તાકીદ કરી છે. અમે અન્ય ધર્મોના ભાઈઓ-બહેનો પાસે જઈને તેમના પોતાના ધર્મમાં 'પાડોશીના હક્કો'ના સંદર્ભમાં જે વાતો કહેવામાં આવી છે, તેના જ પ્રકાશમાં પ્રેરણા આપીશું. શક્ય છે કે કેટલાક એવા લોકો પણ મળી જાય જે અમારી વાતો ન સાંભળે, પરંતુ તેનાથી અમારો ઉત્સાહ ઢીલો નહીં પડે. એક મોટા ઉદ્દેશને પૂરો કરવાના માર્ગમાં આ બહુ નાની બાબત છે.

**સવાલ :** કોઈ પણ ક્રાંતિ કે ચળવળની પાછળ યુવાનોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. આ અભિયાનમાં યુવાનોને સામેલ કરવા માટે શું યોજના બનાવવામાં આવી છે?

**જવાબ :** અમારા યુવાનોનું એક સંગઠન 'સ્ટૂડન્ટ્સ ઇસ્લામિક ઑર્ગેનાઇઝેશન (SIO)' અને વિદ્યાર્થિનીઓનું એક સંગઠન 'ગર્લ્સ ઇસ્લામિક ઑર્ગેનાઇઝેશન (GIO)' અને મહિલા વિભાગો પહેલા દિવસથી જ આ અભિયાનમાં અમારી સાથે છે. આ ઉપરાંત જમાઅતના કાર્યકરો પણ છે જે પૂરા ઉત્સાહ સાથે આ અભિયાનમાં સાથે છે. યુવાનોમાં ઉત્સાહ પેદા કરવાના હેતુથી એક દિવસ "યુથ ડે" મનાવવાનો કાર્યક્રમ છે. તે દિવસે માત્ર યુવાનો સાથે જ મુલાકાતો કરવામાં આવશે અને તેમાં અમારા યુવાનોની ભૂમિકા મુખ્ય રહેશે. આ મુલાકાત વ્યક્તિગત પણ હશે અને સામૂહિક રીતે પણ એક જગ્યા નક્કી કરીને ત્યાં યુવાનોને આ અભિયાનમાં સામેલ થવાની અપીલ કરવામાં આવશે. અમને આશા છે કે આનું પરિણામ ખૂબ જ સકારાત્મક હશે.

**સવાલ :** શું સામાન્ય લોકો માટે કોઈ સંપર્ક નંબર કે વેબસાઇટ ઉપલબ્ધ છે જ્યાં તેઓ વધુ માહિતી કે સામગ્રી મેળવી શકે?

**જવાબ :** આ તમામ કામ સ્થાનિક યુનિટોની દેખરેખ હેઠળ થશે. કોઈને કોઈ પણ પ્રકારની પૂછ-પરછ કરવી હોય તો સ્થાનિક જવાબદાર વ્યક્તિનો સંપર્ક કરવો, તે તેમના પ્રશ્નોના ઉકેલમાં માર્ગદર્શન આપશે. લોકોના માર્ગદર્શન માટે અમે ઘણી ભાષાઓમાં સાહિત્ય તૈયાર કર્યું છે, જેના પર સરનામું અને સંપર્ક નંબર લખેલો છે. તેનું વિતરણ કરવામાં આવશે જેથી જેને જ્યારે જરૂર પડે તે નંબર પર સંપર્ક કરીને માહિતી મેળવી શકે.

**સવાલ :** શું અભિયાન પછી પણ તેના પ્રભાવોને જાળવી રાખવા માટે કોઈ લાંબા ગાળાની યોજના બનાવવામાં આવી છે?

**જવાબ :** આ અભિયાનના સમાપ્તિના તરત જ પછી અમે એક 'ફોલો-અપ' (અનુવર્તી) કાર્યક્રમ ચલાવીશું, જેના હેઠળ સ્થાનિક જમાઅતો અને યુનિટો આ કામ સમયાંતરે કરતા રહેશે અને એ વાતની સમીક્ષા કરવામાં આવતી રહેશે કે અભિયાન દરમિયાન કરવામાં આવેલા પ્રયાસો કેટલા આગળ વધી રહ્યા છે. ટૂંકમાં, આ અભિયાન પછી સ્થાનિક જમાઅતોના અન્ય કાર્યક્રમોમાં આ કાર્યક્રમ પણ કાયમી ધોરણે સામેલ થઈ જશે.

**સવાલ :** હાલના સમયમાં દેશમાં જે ધાર્મિક તણાવનું વાતાવરણ બનેલું છે, શું તમારું અભિયાન સફળ થઈ શકશે અને તમે કેવા સકારાત્મક પ્રભાવોની અપેક્ષા રાખો છો?

**જવાબ :** 'પાડોશીના હક્કો'ના શીર્ષક હેઠળ જે અમે અભિયાન શરૂ કર્યું છે, તે ખરેખર લોકોના દિલનો અવાજ છે. અમે જેટલા લોકો સાથે મુલાકાત કરી, તે ખુશખુશાલ વદને મળ્યા અને સ્વીકાર્યું કે આ કામ થવું જોઈએ. 'પાડોશીના હક્કો' અમારું અભિયાન તો છે જ, પરંતુ તે લોકોની ઇચ્છા અને જરૂરિયાત પણ છે. દરેક વ્યક્તિ ઇચ્છે છે કે પાડોશી એવો હોય કે જેની સાથે પોતાની વાતો શેર કરી શકાય અને સુખ-દુઃખમાં એકબીજાના હમદર્દ બની શકાય.

**સવાલ :** અભિયાનની સફળતાનું માપન કે પ્રભાવોનો અંદાજ તમે કઈ રીતે લગાવશો?

**જવાબ :** સફળતાનો અંદાજ લગાવવા માટે અમે એક ફોર્મેટ તૈયાર કર્યું છે. આ ફોર્મેટ તમામ કાર્યકરોને મોકલી દેવામાં આવ્યું છે. તેઓ આ ફોર્મ ભરીને મોકલશે. આ ફોર્મના એક કોલમમાં કાર્યકરોને કહેવામાં આવ્યું છે કે 'પાડોશીના હક્કો' અભિયાનની જે અસરો લોકોના મન પર પડી છે તેના પર ટિપ્પણી કરે. અમને આશા છે કે સારા પ્રભાવો જ થશે, કારણ કે આ બધાના દિલનો અવાજ છે.

**સવાલ :** અભિયાનનું ધ્યાન માત્ર મુસલમાનો પર હશે કે બિન-મુસ્લિમો પર પણ?

**જવાબ :** અમારૂં ધ્યાન તમામ ધર્મના લોકો પર હશે કારણ કે સારો પાડોશી બનવાની જરૂર બધાને છે, અલબત્ત મુસલમાનોને કહીશું કે તેઓ અમારા અભિયાનમાં સામેલ થાય અને બિન-મુસ્લિમો પાસેથી અપેક્ષા રાખીશું કે તેઓ અમારા આ અભિયાનના સંદેશ પર અમલ કરે.

**સવાલ :** દેશમાં મુસ્લિમ અને બિન-મુસ્લિમમાંથી કયા વર્ગમાં પાડોશીઓના હક અદા કરવાના મામલામાં ઉદાસીનતા (Coldness) જોવા મળે છે?

**જવાબ :** સામાન્ય રીતે તમામ વર્ગોમાં આ નબળાઈ જોવા મળી રહી છે, જો કે, મુસલમાનોની જો જોઈએ તો બીજા ધર્મોની સરખામણીમાં મુસલમાનોની સ્થિતિ થોડી સારી છે. તેનું કારણ આ છે કે તેઓ પાંચ વખત મસ્જિદોમાં જાય છે તો ત્યાં એકબીજાના હાલચાલ પૂછે છે. ઇસ્લામમાં ગરીબ અને ધનવાન વચ્ચેના અંતરને ઓછું કરવા માટે સદ્કાત અને ઝકાતની જે વ્યવસ્થા રાખવામાં આવી છે, તેણે અમુક હદ સુધી એકબીજાને પ્રેમની કડીમાં બાંધી રાખ્યા છે, જો કે આ કડી પણ ખૂબ નબળી છે, અને તેને મજબૂત કરવાની જરૂર છે.

**સવાલ :** વાચકોને શું સંદેશ આપવા માંગશો?

**જવાબ :** આપણે મનુષ્ય છીએ અને મનુષ્ય તરીકે આપણે મનુષ્યોની જેમ જ રહેવું જોઈએ અને માનવીય આવશ્યકતાઓને ચોક્કસપણે પૂરી કરવી જોઈએ. દૂરીઓ, નફરત, દ્વેષ અને દુશ્મની માનવીય સ્વભાવને શોભતા નથી. તેનાથી આપણે બચવું જોઈએ. આપણે મનુષ્યો, ખાસ કરીને પાડોશીઓના હક્કોનું પૂરેપૂરૂં ધ્યાન અને સન્માન રાખવું જોઈએ.

•••

# ઇસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર : ૨૪૩

**પ્ર.૧** એક સહાબિયા રદિ.એ એક અવસરે લાઠી મારીને અબૂ લહબનું માથું ફોડી નાખ્યું હતું જે એમનો દેવર લાગતો હતો. એ સહાબિયા રદિ.નું નામ જણાવો.

**પ્ર.૨** હઝરત ઉમર ફારૂક રદિ.એ જ્યારે ઇસ્લામ અંગીકારથી પહેલાં દારે-અરકમનો દરવાજો ખખડાવ્યો અને સહાબાએ કિરામ રદિ.ને તેને ખોલવામાં ખચકાટ થયો. કેમકે તેમના હાથમાં તલવાર હતી. તો શું તમે બતાવી શકો છો કે એ સમયે દરવાજો કોણે ખોલ્યો હતો ?

**પ્ર.૩** હુઝૂર સ.અ.વ.નો આ ઇર્શાદ કોના માટે છે કે "લૂત અ.સ. અને ઇબ્રાહીમ અ.સ. પછી અલ્લાહના માર્ગમાં હિજરત કરનારાઓમાં આ બન્ને સૌથી પુરાણા છે ?

### ક્વિઝ નં. ૨૪૨ના જવાબો

જ.૧ હુઝૂર સ.અ.વ.ના આદરણીય કાકા હઝરત અબ્બાસ રદિ.ના પત્ની હઝરત ઉમ્મુલ ફઝલ લુબાબતુલ કુબ્રા રદિ. છે.

જ.૨ હઝરત હમ્ઝા રદિ.એ આ કહેતાં દરવાજો ખોલ્યો હતો કે તેને અંદર આવવા દો. જો સારા ઇરાદાથી આવ્યો છે તો બહેતર છે નહીંતર તેની જ તલવારથી તેનું માથું વાઢી નાખવામાં આવશે.

જ.૩ હઝરત ઉસ્માન ગની રદિ. અને તેમના પત્ની માનનીય હઝરત રુકૈય્યા રદિ. માટે.

**એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.**




Gulamnabi (R) 242588
Alimohd. (R) 244815
Phone : (02774) Mill : 242986
MODASA
RICE MILL
RICE, WHEAT MERCHANT AND
COMMISSION AGENT
20-23, G.I.D.C., MODASA- 383315, DIST. SABARKANTHA (GUJARAT)

# પાડોશીઓ સાથેના સંબંધ : ઈમાનની ઓળખ

● ગુલઝાર સહરાઈ

ધર્મ અને મજહબનું નામ સાંભળતાં જ મનુષ્યના દિમાગમાં ફક્ત પૂજા-પાઠ કે નમાઝ-રોઝા જેવી ધાર્મિક ક્રિયાઓની કલ્પના ઊભરી આવે છે, જેનાથી આ સમજી લેવામાં આવ્યું છે કે ધર્મ માત્ર ઇબાદત કે પૂજા-પાઠનું નામ નથી. શક્ય છે કે કેટલાક ધર્મોની વાસ્તવમાં આ ધારણા રહી હોય, પરંતુ દુર્ભાગ્યવશ્ ઇસ્લામને પણ ધર્મની આ જ પરિઘભાષા અંતર્ગત સમજવામાં આવી રહ્યો છે. સૌથી મોટી દુઃખદ વાત તો આ છે કે ઇસ્લામ સંબંધિત આ ધારણા સ્વયં મુસલમાનોના મોટાભાગના લોકોની કે બહુમતીની આ જ ધારણા બનેલી છે. આવામાં જો મુસલમાન પોતે આ વાતથી અજાણ હોય કે પાડોશીઓ સાથે તેમના સંબંધ કેવા હોવા જોઈએ, તો કોઈ આશ્ચર્ય થવું ન જોઈએ. આ એટલા માટે કે મુસલમાનોની સામાન્ય ધારણા અનુસાર તો આ બધું દુનિયાદારીના વર્ગ (કેટેગરી)માં આવે છે. જો કે ઇસ્લામે આ અંગે સ્પષ્ટ માર્ગદર્શન કર્યું છે.

**કુર્આનનું માર્ગદર્શન**

“અને તમે સૌ અલ્લાહની બંદગી કરો, તેની સાથે કોઈને ભાગીદાર ન બનાવો, માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો, સગા-સંબંધીઓ અને અનાથો અને જરૂરતમંદ લોકો સાથે સદ્વર્તન દાખવો, અને પાડોશી સગા સાથે, અજાણ્યા પાડોશી સાથે, સાથે બેસનારા સંગાથીઓ, અને મુસાફરો સાથે ભલાઈનું વર્તન દાખવો.” (સૂરઃ અન્ નિસા, આયત-૩૬)

કુર્આનની આ આયતમાં અલ્લાહના હક્કો (તેની ઇબાદત કરવી અને તેની સાથે કોઈને ભાગીદાર ન ઠેરવવો)ની સાથે તેના બંદાઓના હક્કો (માનવાધિકાર પણ વર્ણવી દેવામાં આવ્યા છે, જેમાં માતા-પિતા, બીજા સગા-સંબંધીઓ, ગરીબો અને અનાથોની સાથે સાથે પાડોશીના ત્રણ વર્ગ-પ્રકાર (કેટેગરી) બતાવવામાં આવ્યા છે. (૧) નજીકનો પાડોશી (જે રિશ્તેદાર પણ હોઈ શકે છે), (૨) અજાણ્યો પાડોશી (આમાં મુસ્લિમ તથા બિન-મુસ્લિમ બન્ને સામેલ છે), (૩) અને સાથે બેસનાર કે સંગાથીઓ. આનાથી અભિપ્રેત એ વ્યક્તિ જે મુસાફરીમાં તમારી સાથે બેસેલ હોય. આ તમામની સાથે સદ્-વ્યવહાર કરવાનું શિક્ષણ કુર્આનની ઉપરોક્ત આયતમાં આપવામાં આવ્યું છે.

**હદીસોનું માર્ગદર્શન :**

આ દૃષ્ટિએ જ્યારે આપણે હદીસોનું અધ્યયન કરીએ છીએ તો તેમાં આપણને પાડોશીઓના અધિકારોનું શિક્ષણ વિસ્તૃતરૂપમાં મળે છે. અબૂ શુરૈહ રદિ. રિવાયત કરે છે કે અલ્લાહના રસૂલ



સ.અ.વ.એ ફરમાવ્યું :

અલ્લાહના સોગંદ ! એ માણસ મો'મિન (ઈમાનવાળો) નથી, અલ્લાહના સોગંદ ! એ માણસ મો'મિન (ઈમાનવાળો) નથી, અલ્લાહનો સોગંદ ! એ માણસ મો'મિન (ઈમાનવાળો) નથી.” સહાબા રદિ.એ પૂછ્યું : “હે અલ્લાહના રસૂલ સ.અ.વ. કોણ ? ફરમાવ્યું : જેનો પાડોશી તેની શરારતથી સુરક્ષિત ન હોય.” (બુખારી : ૬૦૧૬)

આ હદીસથી જણાય છે કે પાડોશીનો ખયાલ રાખવો એ ઈમાનની અનિવાર્યતાઓમાંથી છે, અને પાડોશીને જાણી જોઈને દુઃખ તથા કષ્ટ પહોંચાડવો એ ઈમાનની વિરુદ્ધ છે. અહીં આ સપષ્ટ રહે કે પાડોશી કોણ હોય, કયા ધર્મનો હોય, હદીસમાં આ બાબતને સ્પષ્ટ કરવામાં નથી આવી આનો સ્પષ્ટ અર્થ છે કે પાડોશી ગમે તે ધર્મનો હોય, તેનું ધ્યાન રાખવું અને તેને કષ્ટ ન પહોંચાડવું એ દરેક વ્યક્તિની જવાબદારી છે જે અલ્લાહ પર ઈમાન ધરાવનાર હોવાનો દાવેદાર હોય.

પાડોશીમાં મુસ્લિમ અને બિન-મુસ્લિમનો ભેદ ન રાખવો એ મુસલમાન માટે અનિવાર્ય છે, આ નિમ્નલિખિત હદીસથી વધુ સ્પષ્ટ થઈ જાય છે.

અબ્દુલ્લાહ બિન ઉમ્ર બિનલ આસ રદિ.થી ઉલ્લેખિત છે કે તેમના માટે ઘરમાં એક બકરી ઝબેહ કરવામાં આવી. જ્યારે તેઓ આવ્યા તો પૂછ્યું : શું તમે લોકોએ આપણા યહૂદી પાડોશીના ઘરે ગોશ્ત (માંસ)ની ભેટ મોકલી ? મેં અલ્લાહના રસૂલ સ.અ.વ.ને ફરમાવતા સાંભળ્યા છે, મને જિબ્રઈલ અ.સ. પાડોશી સાથે સારા વ્યવહારની તાકીદ કરતા રહ્યા. તે એટલે સુધી કે મને લાગવા માંડ્યું કે તેને (પાડોશીને) વારસદાર બનાવી દેશે.” (સુનન તિર્મિઝી : ૧૯૪૩)

આ હદીસોથી જણાય છે કે સહાબાએ કિરામ રદિ. પાડોશીઓના અધિકારોની બાબતમાં કેટલા સંવેદનશીલ અને જાગૃત રહેતા હતા. અને આ સંબંધમાં તેઓ રિશ્તા-નાતા અને ધર્મ વિ.નો ભેદ ન કરતાં ઇસ્લામના શિક્ષણ ઉપર અમલ કરતા હતા.

એક અન્ય હદીસમાં તો આ બાબતને ઓર વધુ સ્પષ્ટ કરતાં આ બતાવવામાં આવ્યું છે કે જો પાડોશીઓનું ધ્યાન રાખવામાં ન આવે અને તેમને સતાવવામાં આવે તો આવું કરવાથી ઇબાદત કરવી પણ વ્યર્થ થઈ જાય છે અને તેના બદલામાં એવી વ્યક્તિને મૃત્યુ પછી જહન્નમની યાતના ભોગવવી પડશે.

અબૂ હુરૈરહ રદિ.થી ઉલ્લેખિત છે કે નબી સ.અ.વ.ને પૂછવામાં આવ્યું, હે અલ્લાહના રસૂલ સ.અ.વ. ! ફલાણી મહિલા રાત્રે કયામ કરે (નમાઝ પઢે) છે અને દિવસમાં રોઝા રાખે છે અને નેકીના બીજા કામ પણ કરે છે, અને (સાથે જ) પાડોશીઓને તકલીફ (પણ) પહોંચાડે છે, અલ્લાહના રસૂલ સ.અ.વ.એ (આ સાંભળીને) ફરમાવ્યું, તેમાં કોઈ ભલાઈ નથી, એ જહન્નમી છે !” તેમણે (સહાબા રદિ.એ) કહ્યું, “અને ફલાણી મહિલા (ફક્ત) ફર્ઝ નમાઝ અદા કરે છે અને પનીરના થોડાક ટુકડા સદ્કા કરે છે. પરંતુ કોઈને તકલીફ નથી પહોંચાડતી.” આ અંગે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું, “એ જન્નતી મહિલાઓમાંથી છે.” (અલ અદ્બુલ મુફરદ : ૧૧૯)

**એક ગેરસમજનું નિવારણ :**

ઉપરોક્ત હદીસથી જણાય છે કે ઇસ્લામે માનવ-હક્કોને કેટલું મહત્ત્વ આપ્યું છે. તે એટલે સુધી કે તેમના ઉલ્લંઘન પર ઇબાદત છતાં આખિરતમાં સખત સજાની ચેતવણી આવી. આ પ્રકારની હદીસોને પઢીને કે સાંભળીને કેટલાક લોકો આ સમજવા લાગે છે કે ઇસ્લામમાં માનવ-હક્કો જ સર્વસ્વ છે, અને પછી તેઓ આનો જ પ્રચાર શરૂ કરી દે છે. આવા લોકોની નજરમાં ઇસ્લામી ઇબાદતોનું કોઈ મહત્ત્વ નથી હોતું. પરંતુ આ એક મોટી ગેરસમજ છે. ઇસ્લામમાં ઇબાદતોનું પોતાનું મહત્ત્વ છે. ખાસ કરીને એ ઇબાદતોનું કે જે ઇસ્લામમાં દરેક ઈમાનવાળા માટે ફર્ઝ (અનિવાર્ય) કરાયેલ છે. આ ફર્ઝ ઇબાદતોનું અદા કરવું દરેક મુસલમાન માટે ફર્ઝ છે. ફક્ત લોકો સાથે સારો વ્યવહાર કે સદ્વર્તન કરવા માત્રથી જ આનું ફર્ઝ હોવું ખતમ નથી થઈ જતું વાસ્તવમાં ઉપરોક્ત હદીસમાં એ માનસિકતાને ખોટી ઠેરવવામાં આવી છે જેના હેઠળ ઇબાદતોની અધિકતાને જ સર્વસ્વ સમજી લેવામાં આવે છે, અને આ ગેરસમજમાં કે બસ અલ્લાહને આપણું રાત-દિવસ સજદામાં પડયા રહેવું જ પસંદ છે. બાકી બીજા માનવો સાથે આપણો વ્યવહાર કેવો હોવો જોઈએ તેની સાથે તેને કોઈ લેવા-દેવા નથી. ઉતરોક્ત હદીસનું ઉદ્દેશ્ય પણ આ જ ખોટી ધારણાને દૂર કરવાનું છે.

**પાડોશીઓના સંબંધ : ગઈ કાલે અને આજે**

કુર્આન અને હદીસમાં વર્ણવાયેલ ઇસ્લામના ઉપરોક્ત શિક્ષણથી જણાય છે કે ઇસ્લામમાં માનવ-અધિકારો અને ખાસ કરીને પાડોશીઓનાઅધિકારોનું કેટલું મહત્ત્વ છે. પાડોશીઓના અધિકારો પર વિશેષ ભાર એટલા માટે મૂકવામાં આવ્યો છે કે સમાજમાં આ જ એ વર્ગ છે જેનાથી મનુષ્યનો પ્રથમ વ્યવહારિક સંપર્ક થાય છે. ઇચ્છા કે અનિચ્છાએ કે જાણ્યે-અજાણ્યે પાડોશીઓ એકબીજાને પ્રભાવિત કરે છે. દુઃખ-તકલીફમાં પણ તેઓ જ આપણા સૌથી નજીક હોય છે, જેમનાથી આપણને તુરત જ સહાયતા મળી શકે છે. આથી પાડોશીઓના મહત્ત્વને જુઠાડી કે નકારી શકાય નહીં.

એક સમય હતો કે જ્યારે પાડોશીઓ સાથેના સંબંધ રિશ્તેદારો જેવા જ રહેતા હતા. આ ઘનિષ્ટતા તો એટલી હદે રહેતી હતી કે કેટલાક લોકો તો બે ઘરોની વચ્ચે નાની સરખી ખડકી સુદ્ધાં રાખી લેતા હતા કે જેનાથી આ બન્ને ઘરોની મહિલાઓને પરસ્પર વાત કરવા કે વસ્તુઓની આપ-લેમાં સુવિધા રહેતી હતી. કેટલાક ઘરોમાં આ ખડકી એટલી મોટી રહેતી હતી કે તેનાથી આવવું-જવું પણ થઈ જતું હતું.

ધીમે ધીમે સમય બદલાતો ગયો, પશ્ચિમી સભ્યતાનો પ્રભાવ ધીમે ધીમે વધતો ગયો, તેમ તેમ લોકો પોત-પોતાના વર્તુળમાં સમેટાતા કે સંકોચાતા ગયા. ગામડાઓ અને કસબાઓની સ્થિતિ તો હજી પણ ઘણી સારી છે. શહેરોમાં તો ફ્લેટ કલ્ચરે તો જાણે કે દરેક માનવીને લોકોની ભીડમાં પણ એકલો બનાવી દીધો છે. એક જ બિલ્ડિંગમાં બનેલા ફલેટોમાં રહેનારા લોકો પોતાના પાડોશીઓના નામ સુદ્ધાં નથી જાણતા. વર્ષો-વર્ષ વીતી જાય છે પરંતુ એકબીજાથી પરિચય પણ નથી થતો. બાકી બચેલી કમી મોબાઇલ અને સ્માર્ટ ફોને પૂરી કરી દીધી છે.

પહેલાં તો પાડોશીઓ સાથે થોડા ઘણા સંબંધો રાખવા એટલા માટે પણ જરૂરી હતું કે જેથી તમે મહોલ્લાથી પરિચિત થઈ શકો. અને જો કોઈ તમને મળવા આવે તો લોકો તેને તમારા ઘર સુધી પહોંચાડી શકે, કેમકે જો કોઈ તમને ઓળખતું જ નહીં હોય તો લોકો આવનારને તમારૂં સરનામું કેવી રીતે બતાવી શકશે ? પરંતુ મોબાઇલ અને સ્માર્ટ ફોને આજના આત્મ કે સ્વ કેન્દ્રીત વ્યક્તિઓને પાડોશીઓની આ જરૂરતથી પણ બે-પરવા કરી દીધી છે.

આથી હવે પાડોશીઓને પોતાનો પરિચય કરાવવા અને તેમનાથી સંબંધ બનાવવા કે કેળવવાની આવશ્યકતા જ જાણે કે ખતમ થઈ ગઈ છે. દુઃખ, તકલીફમાં હવે લોકો પાડોશીની મદદ લેવાને બદલે સીધા જ સંબંધિત વ્યક્તિને ફોન કરી દે છે. તમારે ત્યાં કોઈ મુલાકાતીને પણ તમારા પાડોશીઓથી તમારૂં સરનામું પૂછવાની જરૂરત નથી પડતી. આનો અર્થ આ નથી કે મોબાઇલ કોઈ બૂરી વસ્તુ છે, પરંતુ ગમે તે હોય આણે આપણી સામાજિકતાને પ્રભાવિત અવશ્ય કરી છે, અને ખાસ કરીને પાડોશીનું મહત્ત્વ આપણે જાણે કે તદ્દન ભૂલી જ ગયા છીએ.

જે હોય તે પરંતુ આપણે મુસલમાન છીએ. અલ્લાહ અને રસૂલ સ.અ.વ. ઉપર ઈમાન રાખતા હોવાના દાવેદાર છીએ આથી આપણે ન તો સમાજમાં કપાઈને કે સંબંધ વિચ્છેદ કરીને એકલા-અટૂલા રહેવું જોઈએ, અને ન તો ફોન હોવાના કારણે પાડોશીઓથી બિલકુલ બે-પરવા થવું જોઈએ. તે એટલા માટે કે પાડોશીઓનું ધ્યાન રાખવા અને તેમની સાથે સારા વ્યવહારનું શિક્ષણ આપણને આપણા ધર્મ ઇસ્લામે જ આપ્યું છે.

**બિન-મુસ્લિમ પાડોશીઓ સાથે સંબંધ**

આમ તો પાડોશીઓ સાથેના વ્યવહારમાં મુસ્લિમ અને બિન-મુસ્લિમનો ભેદ કરવાનું શિક્ષણ ઇસ્લામે નથી આપ્યું. અને આપણે સૌની સાથે સારો વ્યવહાર કરવો જોઈએ. ગરીબ પાડોશીઓની આર્થિક સહાયતા, તકલીફ તથા બીમારીમાં તેમની દેખભાળ, જરૂરત પડે તો તેમને ડોક્ટરને ત્યાં લઈ જવું, તે એટલે સુધી કે તેમના માટે રકતદાન પણ કરી શકો છો. પરંતુ સાથે જ આ વાતનું પણ વિશેષ ધ્યાન રાખવું જોઈએ કે સૌહાર્દની ભાવનામાં તમારાથી કોઈ એવું કાર્ય થવું ન જોઈએ કે જેનાથી ઇસ્લામે મનાઈ ફરમાવી છે, જે ઇસ્લામી વિરોધી ધારણાઓના સહયોગના વર્તુળમાં આવતું હોય. બાકી આમ (સામાન્ય) બાબતોમાં તમે દરેક રીતે તેમની સહાયતા કરી શકો છો, અને તેમનાથી સહાયતા લઈ પણ શકો છો. બલ્કે આ પ્રકારનો વ્યવહાર રાખવો જોઈએ.

(અનુસંધાન દસમા પાને)

## બાળ જગત

### બાળકો સાથે વાતચીત

આજના આ ઝડપી યુગમાં, પાડોશીઓ સાથેના સારા સંબંધો અને પાડોશની સારી લાગણીની ભાવના ધીમે ધીમે ઓછી થતી જાય છે. આધુનિક જીવનશૈલીએ આપણને એવા લોકોથી દૂર કરી દીધા છે જે આપણા બિલકુલ નજીક રહે છે.

પાડોશીઓ માત્ર સાથે રહેનારા લોકો નથી, બલ્કે તેઓ આપણા સુખ-દુઃખ અને આનંદ-શોકના સાથી હોય છે. પાડોશીઓ સાથેના સારા સંબંધો માત્ર વ્યક્તિગત જીવનને જ સારૂં નથી બનાવતા, પણ સમગ્ર સમાજના બંધારણને મજબૂત કરે છે.

આ પાના પર "હમસાયગી કી કહાનિયાં" પાડોશની વાર્તાના નામે પાડોશી સંબંધોના વિષય પરની ટૂંકી વાર્તાઓ આપેલી છે. આ વાર્તાઓ સરળ છતાં અસરકારક સંદેશ આપે છે. આ વાર્તાઓ બતાવે છે કે પાડોશીઓ વચ્ચે નમ્રતા, સહાનુભૂતિ, સહકાર અને વિશ્વાસનું કેટલું મહત્ત્વ છે.

વાચકોને પ્રોત્સાહન આપવામાં આવે છે કે તેઓ આ બોધપાઠ પર વિચાર કરે અને તેને પોતાના જીવનમાં અપનાવે. આદર્શ પાડોશ દ્વારા જ આદર્શ સમાજનું નિર્માણ શક્ય છે.

*(સંપાદકીય મંડળ)*

# સાયકલની લડાઈ



અસલમ તેના એકના એક દીકરા અમ્મારને રડતો જોઈને ખૂબ જ ચિંતિત થઈ ગયો. તેણે તરત આગળ વધીને તેને ખોળામાં ઊંચકી લીધો અને વહાલ કરતાં પૂછ્યું, "શું થયું, બેટા? કેમ રડે છે?"

"અબ્બૂ, યાસિરે જાણી જોઈને પોતાની સાયકલથી મારી સાયકલને બે વાર ટક્કર મારી. મારી સાયકલનું હેન્ડલ પણ વળી ગયું છે અને પગમાં પણ સખત વાગ્યું છે." અમ્મારે રડતાં રડતાં જવાબ આપ્યો.

અસલમે તરત અમ્મારના પગ તરફ જોયું તો દીકરાના જમણા પગ પર ઘા દેખાયો. સાયકલ પરથી પડી જવાને કારણે અમ્મારના ઘૂંટણમાં ઈજા થઈ હતી. ઈજા સામાન્ય હતી, પણ અસલમ માટે તો તે અસહ્ય હતી.

તે ગુસ્સામાં ઘરની બહાર નીકળ્યો અને સાયકલ ચલાવનાર યાસિરના ગાલ પર બે જોરદાર થપ્પડ લગાવી દીધી!

માર પડવાની પીડાથી યાસિર જોર જોરથી ચીસો પાડીને રડવા લાગ્યો. તેનો અવાજ સાંભળીને તેની મમ્મી દોડતી આવી અને રડવાનું કારણ પૂછ્યું. જ્યારે તેને ખબર પડી કે અસલમે તેના નિર્દોષ દીકરા પર હાથ ઉઠાવ્યો છે, તો તે ગુસ્સે થઈ ગઈ અને અસલમ પર બૂમો પાડવા લાગી, "શરમ નથી આવતી, માસૂમ બાળક પર હાથ ઉપાડતાં? તમારી હિંમત કેમ થઈ મારા બાળકને હાથ લગાડવાની?"

પોતાની ભૂલ સ્વીકારવાને બદલે અસલમ પણ ચડસાચડસી કરવા તૈયાર થઈ ગયો.

બંનેના અવાજ સાંભળીને અમ્મારની મમ્મી, યાસરના પપ્પા અને મહોલ્લાના કેટલાક બીજા લોકો પણ ભેગા થઈ ગયા. જોતજોતામાં બે પાડોશીઓ વચ્ચેની બહેસ મૌખિક ઝઘડામાં અને મૌખિક ઝઘડો ગાળાગાળી તથા મારપીટમાં બદલાઈ ગઈ.

મામલો વધતો જોઈને મહોલ્લાની કોઈ વ્યક્તિએ તરત પોલીસને ફોન કરી દીધો. સંયોગથી, પેટ્રોલિંગ પર તૈનાત પોલીસની ગાડી મહોલ્લાની નજીકથી જ પસાર થઈ રહી હતી.

દસ મિનિટમાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. પોલીસને જોઈને બંને પક્ષોની હવા નીકળી ગઈ, પણ હવે કશું થઈ શકે તેમ નહોતું. પોતાની શરમ છુપાવવા માટે બંને પોલીસની સામે એકબીજા પર સાચા-ખોટા આરોપો લગાવતા રહ્યા.

ત્યારે જ પોલીસ ઓફિસરે કઠોર અવાજે કહ્યું, "તમે બંને એકબીજા પર બૂમો પાડવાનું બંધ કરો અને કોઈ એક વ્યક્તિ મને વિગતવાર જણાવો કે મામલો શું છે."

પોલીસના પૂછવા પર અસલમે વિગતવાર આખી વાત જણાવી. તેના પર પોલીસ ઓફિસરે કહ્યું,

(અનુસંધાન બીજા પાને)

# મદદની અનોખી રીત



"મમ્મી! જ્યારે આપણી પાસે ખાંડ છે, તો પછી તમે હલીમા આંટી પાસે ખાંડ કેમ માંગી રહ્યાં હતાં?"

દીકરીનો સવાલ સાંભળીને સાલિહા બેગમ હસી પડ્યાં, પણ તેમણે કોઈ જવાબ ન આપ્યો. તેમની મુસ્કાનથી આયેશાની જિજ્ઞાસા વધુ વધી ગઈ. તેણે કહ્યું, "તમે ગમે તેટલો ટાળવાનો પ્રયત્ન કરો, પણ હું જવાબ જાણીને જ રહીશ! ગયા ગુરુવારે પણ તમે તેમના ઘરેથી એક વાડકી મીઠું માગી લાવ્યાં હતાં, જ્યારે ઘરમાં તો ઢગલો મીઠું પહેલેથી જ હતું. આખરે, તમે વગર જરૂર તેમની પાસેથી નાની નાની વસ્તુઓ કેમ માગો છો?"

આયેશાના આગ્રહ પર સાલિહા બેગમે તેને પોતાની પાસે બોલાવી અને માથા પર હાથ ફેરવતાં કહ્યું, "બેટા, હું તને તેનું કારણ જણાવીશ, પણ પહેલાં વચન આપ કે તું આને ગુપ્ત રાખીશ અને કોઈને નહીં જણાવે."

માની શરત પર આયેશાએ તરત વચન આપી દીધું. સાલિહા બેગમે કહેવાનું શરૂ કર્યું:

"બેટા, વાત ખરેખર આ છે કે આપણા પાડોશી હલીમા આંટીના પરિવાર પર અંકલના અવસાન પછી ગંભીર આર્થિક મુશ્કેલીઓ આવી પડી છે. તેમના દીકરાની નોકરી પણ જતી રહી છે. આ કારણે દર બીજા-ત્રીજા દિવસે હલીમા આંટીને ઘર ચલાવવા માટે કોઈ ને કોઈ વસ્તુની જરૂર પડે છે."

"તેઓ મદદ કે રોજિંદા વપરાશનો સામાન માગવા માટે મારી પાસે આવે તો છે, પણ ખૂબ જ સંકોચ અનુભવે છે. એટલે મેં વિચાર્યું કે જો હું પણ સમય-સમય પર તેમની પાસેથી નાની-મોટી વસ્તુઓ લેતી રહીશ, તો તેમને પણ મારી પાસેથી કંઈ પણ માગવામાં વધારે શરમ કે સંકોચ નહીં થાય. અને સાથે સાથે વાતચીતમાં જો તેમને કોઈ મોટી કે તાત્કાલિક મુશ્કેલી હોય, તો મને તેનું જ્ઞાન પણ થઈ જશે અને આપણે વધુ સારી રીતે તેમની મદદ કરી શકીશું."

માનો જવાબ સાંભળીને આયેશા આશ્ચર્યચકિત થઈ ગઈ. મદદ કરવાની આ રીત તેના માટે બિલકુલ નવી હતી.

તેને પહેલી વાર આ વાત સમજાઈ કે જરૂરિયાતમંદની મદદ કરવી જેટલી મહત્ત્વની છે, તેનાથી અનેક ગણું વધારે મહત્ત્વનું છે તેની ભાવનાઓ અને આત્મસન્માનનું ધ્યાન રાખવું.

જ્યારે તમે કોઈની મદદ કરો, ત્યારે એ વાતનું ખાસ ધ્યાન રાખો કે તમારી મદદથી સામેવાળી વ્યક્તિના આત્મસન્માનને ઠેસ ન પહોંચે. સાચી મદદ તે છે જે ગરીબ અથવા જરૂરિયાતમંદને શરમિંદગી વિના સ્વીકાર્ય હોય.

# સંવેદનશીલ હૃદય



"મમ્મી, મમ્મી, મારૂં આ નવું કંપાસ બૉક્સ મૂકી દો. હું આવતી કાલથી મારૂં જૂનું કંપાસ જ લઈને સ્કૂલે જઈશ." દાનિશે પોતાનું નવું ચકચકિત કંપાસ બૉક્સ મમ્મીને આપતાં કહ્યું.

"પણ કેમ, બેટા? તારા અંકલે આટલા પ્રેમથી તારા માટે લંડનથી આ ભેટ મોકલી છે, અને ગઈકાલે તો તું જ તેને સ્કૂલે લઈ જવાની જીદ કરતો હતો. શું એક જ દિવસમાં તારૂં મન ભરાઈ ગયું?" ખાલિદા બેગમે આશ્ચર્ય સાથે પૂછ્યું.

"ના, મમ્મી, એવું નથી," દાનિશે જવાબ આપ્યો, "આ કંપાસ ખૂબ સરસ છે. મારી ક્લાસમાં આટલો સારો કંપાસ કોઈની પાસે નથી. મારા કંપાસની બંને બાજુ કલરફુલ લાઈટ્સ લાગેલી છે અને અંદર બટન છે, જેનાથી મ્યુઝિક પણ વાગે છે. અંદરની વસ્તુઓ પણ બધા કરતાં બિલકુલ અલગ છે. અને કેમ ન હોય, આ લંડનથી આવેલો ઈમ્પોર્ટેડ કંપાસ છે!"

(અનુસંધાન બીજા પાને)

## વિવાદોમાં શ્રેષ્ઠ વલણ

(ચોથા પાનાનું ચાલુ)

પોતાની ભૂલને જાણો અને પોતાની ભૂલની જાણ થતાં જ તમે ઉકેલની ખૂબ જ નજીક પહોંચી જાઓ છો. પ્રશ્નો એ સમયે વધુ ગૂંચવાઈ જાય છે કે જ્યારે માણસ પોતાની ભૂલને નથી જોતો અને એક તરફી રીતે એલાન કરી દે છે કે સમગ્ર ભૂલ બીજાની જ હોય.

પાડોશીની ભૂલને સહાનુભૂતિની નજરે જુઓ. શી ખબર જેને આપણે ભૂલ સમજી રહ્યા છીએ એ તેની મજબૂરી હોય. આવી સ્થિતિમાં તેની મદદ કરો.

જો માફી માગવાથી વિવાદ ઉકેલાઈ જતો હોય તો વિલંબ ન કરો. માફી માગવી 'નફ્સ' (મન)ને ભારરૂપ લાગે છે, પરંતુ આ બાબત મોટી મોટી સમસ્યાઓ ને પ્રશ્નોને તુરત જ હલ કરી દે છે.

બળતામાં ઘી નહીં પાણી રેડો. જો બે પાડોશીઓ વચ્ચે ઝઘડો કે વિવાદ થઈ ગયો હોય તો બાકી પાડોશીઓની જવાબદારી છે કે તે આ બીજી બાજુની વાત કે કાન ભંભેરણી દ્વારા આગને વધુ ન ભડકાવો, બલ્કે હિકમત અને ભલાઈ કે હમદર્દી સાથે પ્રશ્નના બહેતર ઉકેલમાં મદદ કરો.

જૂથવાદ (Groupism)થી દૂર રહો. કેટલાક લોકોને જૂથવાદનો એવો ચસ્કો લાગેલો હોય છે કે તેઓ પોતે પોતાની વસતીમાં એક જૂથ બનાવીને બાકી લોકોની વિરુદ્ધ મોરચો માંડી દે છે. આ શોખ ખૂબ જ હાનિકારક છે. આના લીધે વસ્તીનું વાતાવરણ હંમેશ ખરાબ રહે છે. તમારી ઇચ્છા અને પ્રયાસ આ રહેવો જોઈએ કે વસતીમાં જૂથવાદ ન ઉદ્ભવે અને તમામ લોકો હળીમળીને મેળ-મુહબ્બતથી સંપીને રહે.

વ્યક્તિગત્ કે અંગત વિવાદ કે ઝઘડાને કોમવાદનો રંગ કે સ્વરૂપ ન આપો. જ્યારે બે પાડોશીઓ વચ્ચે કોઈ સમસ્યા ઊભી થાય તો આ જુઓ કે ભૂલ કોની છે, અને આ વિચારો કે એ સમસ્યાનો સાચો ઉકેલ શું છે. પક્ષકારોની બિરાદરી, તેમનો મસ્લક અને તેમના ધર્મને જોઈને પોતાનું વલણ નક્કી ન કરો. હંમેશ સત્ય વાત કહો. કોઈ પક્ષકાર જો પોતાના વ્યક્તિગત્ કે અંગત પ્રશ્ન કે સમસ્યાને કોમવાદી રંગ આપવાનો પ્રયાસ કરે તો તેના પ્રયાસને સફળ થવા ન દો.

**અંતિમ વાત**

પાડોશી એક ને'મત છે. કોઈ હંગામી કે થોડાક સમયના ફાયદાની ખાતર આ કાયમી ને'મતથી પોતાને વંચિત ન કરો. દરેક અવસરે આ જરૂર વિચારો કે જે વિવાદ કે ઝઘડો છે શું એ પાડોશી સાથેના બહેતર સંબંધો કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે?

વિવાદ ગમે તેટલો મોટો હોય, તેમ છતાં તમારા 'અખ્લાક' અર્થાત્ નૈતિકતા અને ચરિત્રની દૌલત વધુ કીમતી છે. એવું ન થાય કે તમે હાર-જીતના ચક્કરમાં પોતાની એ દૌલતને ગુમાવી બેસો. સ્વયં પોતાને 'અખ્લાકી' અર્થાત્ નૈતિક મર્યાદાઓ પ્રત્યે પ્રતિબદ્ધ રાખો. સામાન્ય સંજોગોમાં તો દરેક માણસ ચારિત્ર્યશીલ કે નૈતિકવાન દેખાય છે. નૈતિકતાની સાચી ઓળખ વિવાદ કે ઝઘડા વખતે જ થાય છે.

અરબીની એક જાણીતી વાર્તા છે જેનો ટૂંકસાર આ છે કે એક શરીફ કે સજ્જન માણસનો શરારતખોર કે ખરાબ પાડોશી દરરોજ પોતાના ઘરનો કચરો તેના બારણા સામે ફેંકી દેતો હતો. શરીફ માણસ ખામોશીથી એ કચરો ઉપાડીને કચરાની ટોપલીમાં નાખી દેતો. શરારતખોર પાડોશી બારીમાંથી આ દૃશ્ય જોતો અને ખુશ થતો. એક દિવસ એ સજ્જન માણસ એક ટોપલી લઈ એ શરારતખોર પાડોશીના દરવાજા પાસે પહોંચ્યો. એ શરારતખોર પાડોશીએ એ જોઈ લીધું. એ સમજ્યો કે એ માણસ એ ટોપલીમાં તેના ઘર પાસે ફેંકવા માટે કચરો લાવ્યો હશે. આ વિચારીને એ તેની સાથે લડવા માટે તૈયાર થઈ ગયો. એટલામાં એ માણસે તેનું બારણું ખખડાવ્યું. શરારતખોર પાડોશીએ બારણું ઉઘાડ્યું. સજ્જન પાડોશીની ટોપલી ફળ-ફળાદિથી ભરેલી હતી. તેણે કહ્યું કે મારા બગીચા-વાડીમાં ઘણાં ફળ ઊગ્યા હતા. આથી મેં વિચાર્યું કે તમને આપી દઉં. એ ટોપલીમાં એક પત્ર હતું જેના પર લખ્યું હતું કે : "જેની પાસે જે હોય છે એ જ એ બીજાઓને આપે છે. શરારતખોર પાડોશીના હૃદયને આ વાત ખૂબ જ સ્પર્શી ગઈ અને તેણે એ સજ્જન માણસથી માફી માગી અને ત્યાર બાદથી એ સારો પાડોશી બની ગયો. •••

## પાડોશી સાથેના સંબંધની...

(આઠમા પાનાનું ચાલુ)

**આ વાતોનો વિશેષ ધ્યાન રાખો**

પાડોશીઓ સાથે સંબંધ રાખવામાં કેટલીક વાતોનું જો ધ્યાન રાખવામાં આવે તો સંબંધોમાં કડવાશ નથી આવતી.

(૧) પાડોશીઓ સાથે સંબંધ જરૂર રાખો, તમારા ઘરે ખાવમાં (ભોજનમાં) કંઈક ખાસ બન્યું હોય, તો પાડોશીઓને અવશ્ય આપો. પરંતુ એકબીજાના ઘરે આવવું-જવું ઓછું જ રાખો, અને જો જાવ તો પણ સમય અને મોકો જોઈને જાવ બલ્કે પ્રયત્ન તો આ કરો કે ઘરમાં એ જ સમયે જાવ જયારે તમને આગ્રહ કરીને બોલાવવામાં આવે. પોતાની મેળે પહોંચી ન જાવ. કેટલીક મહિલાઓની ટેવ વધુ હળવા-મળવાની હોય છે, અને તેઓ કામમાંથી થોડીક જ ફુરસદ મળતાં જ પાડોશમાં પહોંચી જાય છે. આ પ્રકારની ટેવથી બચો.

(૨) કેટલાક લોકો અને ખાસ કરીને મહિલાઓનું માનવું હોય છે કે આપણે કોઈની સાથે કોઈ લેવડ-દેવડ નથી કરતા. આ વિચાર દુરસ્ત નથી. સ્વાભિમાની હોવું સારી વાત છે, પરંતુ અતિ (અધિકતા) વ્યક્તિને અત્યંત શુષ્ક અને અવ્યવહારૂ બનાવી દે છે. આવી વ્યક્તિ પછી કોઈને કંઈ આપતી પણ નથી. આ વાત ઇસ્લામી સ્વભાવની પણ વિરુદ્ધ છે.

કુર્આનની સૂરઃ ૧૦૭ (અલ માઊન)માં એવા લોકોની નિંદા કે વખોડણી કરવામાં આવી છે, જેઓ લોકોને નાની મોટી મામૂલી વસ્તુઓ આપવા સુદ્ધાંથી ઇનકાર કરી દે છે. આથી જરૂરત પડયે નાની-મોટી વસ્તુઓ ન તો માગવામાં કોઈ બૂરાઈ છે, ન તો માગનારાઓને નિમ્ન કે તુચ્છ સમજવા જોઈએ, બલ્કે એકબીજાની મદદ અવશ્ય કરવી જોઈએ. આ નેકી તો છે જ સાથે જ આમ કરવાથી પરસ્પર સૌહાર્દ પણ વધે છે. સંબંધોમાં મધુરતા જળવાઈ રહે છે.

(૩) પાડોશીઓ સાથે ખાવા-પીવાની વસ્તુઓ ઉપરાંત કેટલીક એવી વસ્તુઓની પણ આપ-લે થાય છે કે જેમનો ઉપયોગ કર્યા બાદ પરત કરવાની હોય છે. દા.ત. પ્રેસ, મોબાઇલ ચાર્જર, મિક્ષ્ચર, છત્રી, સાયકલ વિ. આવામાં આ વાતનું ખાસ ધ્યાન રાખો કે જો તમે ઇસ્તરી, ચાર્જર, કે મિક્ષ્ચર જેવી કોઈ વસ્તુ જરૂરત માટે પાડોશી પાસેથી લીધી છે, તો તેનો ઉપયોગ કર્યા બાદ તુરત જ સ્વયં પરત કરી દો. આ વિચારીને કે તેને જરૂરત હશે તો એ પોતે માગી લેશે, બે-પરવા ન થઈ જાવ. આ વલણ સામાન્ય રીતે લોકોમાં જોવા મળે છે, જે બીજા માટે અસુવિધાનું કારણ બને છે. તમે ખાસ ધ્યાન રાખો કે તમારૂં વલણ એવું ન હોય, અને જો તમારા પાડોશી આ જ વલણ તમારી સાથે અપનાવે છે તો તેમને શાલીનતાપૂર્વક સમજાવો.

**છેલ્લી વાત**

કોઈ પણ વ્યક્તિ સમજતી કપાઈને નથી રહી શકતી, અને ન તો રહેવું જોઈએ. શહેરોના ફ્લેટ કલ્ચરે લોકોની વચ્ચે અજનબિયત (અજનબીપણા)ને વધારી દીધું છે. પશ્ચિમી સભ્યતાના પ્રભાવના કારણે લોકો "બસ પોતાના કામથી કામ (મતલબ)" ની નીતિ પર ચાલવા લાગ્યા છે, અને આને જ 'સભ્યતા' સમજવા લાગ્યા છે, મોબાઇલ અને સ્માર્ટ ફોને અન્યો પ્રત્યે ઉદાસીનતાને ઓર વધારી દીધી છે, તેમ છતાં એક મુસલમાન હોવાના નાતે આપણે પોતાની આસપાસના લોકોથી તદ્દન કે પૂરી રીતે કપાઈને રહેવું ન જોઈએ, બલ્કે દરેક મુશ્કેલ સમયમાં તેમની સહાયતા, સહયોગ કે મદદ કરવી જોઈએ, કેમકે આ જ આપણા ધર્મ ઇસ્લામનું શિક્ષણ છે. •••

## પાડોશીના હક્કો

(છઠ્ઠા પાનાનું ચાલુ)

પ્રિય છે સ્વજન હોય છે..

કુર્આનમાં કહેવામાં આવ્યું છેઃ

"અલ્લાહની ઇબાદત કરો અને તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો, અને માતા-પિતાની, સગાં-સંબંધીઓની, અનાથોની, ગરીબોની, નજીકના પાડોશીઓની અને દૂરના પાડોશીઓની સાથે સારો વર્તાવ કરો?" (સૂરઃ અન-નિસા-૩૬)

અલ્લાહના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ફરમાવ્યુંઃ

"મો'મિન એવો નથી હોતો કે પોતે પેટ ભરીને ખાય અને તેનો પાડોશી, જે તેના બાજુમાં રહેતો હોય, ભૂખ્યો રહે." (હદીસ સંગ્રહ મિશ્કાત)

જેમ મહાત્મા ગાંધીજીએ કહ્યું હતુંઃ

"આપણી માનવતાની સાચી ઓળખ એમાં છે કે આપણે આપણા આસપાસના લોકો સાથે કેવો વર્તાવ કરીએ છીએ."

એટલે કે, સારો પાડોશી બનવું ફક્ત નૈતિક ફરજ નથી — તે આપણી આત્મા અને સમાજ બન્નેની થેરાપી છે.

**દિલોને જોડો, દીવાલોને નહીં..**

**એ જ છે માનવતાનો સૌથી ઊંડો શ્વાસ..**

•••

## રોશનીના મીનાર...

(અગિયારમા પાનાનું ચાલુ)

હઝરત અબૂ તલ્હાએ પોતાનું આખું જીવન સાઇમ ઉદ્દહાર (દિવસભર રોઝો રાખનાર) અને મુજાહિદ ફી સબીલિલ્લાહ (અલ્લાહના માર્ગમાં જિહાદ કરનાર)ની હેસિયતથી વિતાવ્યું અને આ જ હાલતમાં તેમણે દા'ઈ-એ-અજલ (મૃત્યુના ફરિશ્તા)ને આવકાર આપ્યો.

એવું કહેવાય છે કે તેઓ રસૂલુલ્લાહ સ.અ.વ. પછી લગભગ ત્રીસ વર્ષ જીવ્યા. આ સંપૂર્ણ સમયગાળો તેમણે રોઝાની હાલતમાં વિતાવ્યો અને ઈદૈન (બંને ઈદ)ના દિવસો સિવાય, જેના રોઝા હરામ છે, તેમણે કોઈ રોઝો ન છોડ્યો. તેમને ઘણું લાંબું આયુષ્ય મળ્યું હતું, જેના કારણે તેઓ ખૂબ જ અશક્ત થઈ ગયા હતા. પરંતુ આ અશક્તિ પણ તેમના જિહાદના જુસ્સાને ઠંડો ન કરી શકી.

હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિ.ના ખિલાફતકાળમાં જ્યારે મુસલમાનોએ દરિયાઈ યુદ્ધનો ઇરાદો કર્યો, ત્યારે તેમણે પણ તેમાં ભાગ લેવાની તૈયારીઓ શરૂ કરી દીધી. આ જોઈને તેમના પુત્રોએ કહ્યું:

"અબ્બા જાન! અલ્લાહ આપ પર રહમ ફરમાવે. તમે રસૂલુલ્લાહ સ.અ.વ., હઝરત અબૂ બક્ર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂક રદિ.ની સાથે ઘણો જિહાદ કરી ચૂક્યા છો. હવે તમે ખૂબ વૃદ્ધ થઈ ગયા છો. આ ઉંમર જિહાદની નથી. હવે તમે આરામ કરો અને અમને છોડી દો, અમે તમારી તરફથી જિહાદમાં ભાગ લઈશું."

પણ તેઓ ન માન્યા અને તેમણે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલા ફરમાવે છે :

"...નીકળી પડો, પછી ભલે તમે હળવા હો કે ભારે."

"તેણે ઉંમરની હદ નક્કી કર્યા વિના નીકળવાનો હુકમ આપ્યો છે, પછી ભલે અમે વૃદ્ધ હોઈએ કે યુવાન."

અને જ્યારે હઝરત અબૂ તલ્હા રદિ. મુસલમાનોની ફોજ સાથે દરિયાઈ જહાજમાં સવાર, સમુદ્રનો પ્રવાસ કરી રહ્યા હતા, ત્યારે સખત બીમાર પડ્યા અને આ જ બીમારીમાં પોતાના રબ સાથે જઈ મળ્યા.

અવસાન પછી તેમને દફનાવવા માટે મુસલમાનો કોઈ ટાપુની શોધમાં હતા, પણ સાત દિવસ પહેલાં તેમને પોતાના હેતુમાં સફળતા ન મળી શકી. આ દરમિયાન તેમની લાશ કપડાથી ઢાંકેલી તેમની વચ્ચે રાખેલી રહી અને તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ન થયો. એવું લાગતું હતું કે તેઓ ખૂબ આરામથી સૂઈ રહ્યા છે, અને તેમને તેમના કુટુંબીજનો અને દેશ-વતનથી ખૂબ દૂર સમુદ્રની વચ્ચે દફનાવી દેવામાં આવ્યા. •••

## આદર્શ પાડોશ

(પહેલા પાનાનું ચાલુ)

- નબીએ કરીમ સ.અ.વ.એ ફરમાવ્યું : સૌગંધ છે એ હસ્તીના જેના કબજામાં મારી જાન છે, કોઈ વ્યક્તિ ત્યાં સુધી મોમિન નથી થઈ શકતી, જ્યાં સુધી પોતાના પાડોશી માટે તે પસંદ ન કરે જે તે પોતાના માટે પસંદ કરે છે." (મુસ્લિમ)

**પાડોશની વર્તમાન પરિસ્થિતિ**

- સ્વાર્થી લોકોને પોતાના કવચમાં બંધ કરી દીધા છે.
- પ્રાઇવસીના નામે, લોકો પાડોશીથી સંબંધ રાખવાથી દૂર જઈ રહ્યા છે.
- સાથે રહેતા લોકો વચ્ચે અંતર વધી રહ્યું છે અને શંકા-કુશંકાનું વાતાવરણ ઊભું થઈ રહ્યું છે.
- એકલતા અને અસુરક્ષાની વધતી જતી ભાવના વિવિધ પ્રકારના માનસિક રોગોને જન્મ આપી રહી છે.
- લોકો સામાજિક સંબંધોની બરકતોથી વંચિત થઈ રહ્યા છે.
- નજીક રહેતા હોવા છતાં, પરસ્પર સહયોગનો અભાવ છે.

**તો ચાલો... આપણે બધા સાથે મળીને સમગ્ર દેશમાં પાડોશી અધિકારો માટે ઝુંબેશ શરૂ કરીએ.**

- જો આપણે સારા રહીશું, તો પાડોશી સારો રહેશે.
- જો પાડોશી સારો હશે, તો સમાજ સારો રહેશે.
- જો સમાજ સારો હશે, તો દેશ સારો રહેશે.
- એક એવો દેશ જેમાં બધા લોકો સુમેળ અને પ્રેમથી સાથે રહે.
- જ્યાં નફરત નહીં.. પ્રેમ હોય..
- દુશ્મનાવટ નહીં.. સદ્ભાવના હોય..
- સ્વાર્થ નહીં.. બલિદાન અને કરુણા હોય..
- કોઈ દુષ્ટ ઇચ્છા ન હોય.. સર્વ-જન સુખાયની ભાવના હોય.
- સ્વાર્થ નહીં.. નિખાલસતા અને ત્યાગ હોય..

# હઝરત અબૂ તલ્હા અન્સારી

## રદિયલ્લાહુ તઆલા અન્હુ

રોશનીના મીનાર

ડો. અબ્દુર્રહમાન રફત પાશા

જ્યારે હઝરત ઝૈદ બિન સહલ નજ્જારી (અબૂ તલ્હા)ને ખબર પડી કે રુમૈસા બિન્ત મિલ્હાન (ઉમ્મે સુલૈમ), જે નજ્જારી કબીલાનાં હતાં, તેમના પતિના અવસાન પછી વિધવા થઈ ગયાં છે, ત્યારે તેઓ અત્યંત આનંદિત થઈ ઊઠ્યા. તેમનો આ આનંદ જરાય આશ્ચર્યજનક નહોતો, કેમ કે ઉમ્મે સુલૈમ એક પવિત્ર, ગંભીર પ્રકૃતિના, સન્માનીય, બુદ્ધિશાળી અને ગુણોનો સમૂહ ધરાવતા મહિલા હતાં.

આથી, તેમણે નિર્ણય કર્યો કે બીજા ઇચ્છુકો પહેલાં જ તેઓ તેમને નિકાહનો સંદેશ મોકલશે. તેમને પૂરો વિશ્વાસ હતો કે ઉમ્મે સુલૈમ તેમના મુકાબલે કોઈ બીજાને પ્રાથમિકતા નહીં આપે, કેમ કે તેઓ સંપૂર્ણ મર્દાનગીનો નમૂનો, સમાજમાં ઊંચું સ્થાન ધરાવતા અને ધનવાન વ્યક્તિ હતા. આ ઉપરાંત, તેઓ પોતાના કબીલા બનૂ નજ્જારના પ્રખ્યાત ઘોડેસવાર અને યશરબના ગણ્યા-ગાંઠ્યા નામી તીરંદાજોમાંથી એક હતા.

આ બધું વિચારીને અબૂ તલ્હા ઉમ્મે સુલૈમના ઘર તરફ ચાલ્યા. પણ રસ્તામાં તેમને વિચાર આવ્યો કે ઉમ્મે સુલૈમ તો મક્કાથી આવેલા મુબલ્લિગ મુસ્અબ બિન ઉમૈર રદિ.ની વાતો સાંભળીને હઝરત મુહમ્મદ સ.અ.વ. પર ઈમાન લાવી ચૂક્યાં છે અને તેમના દીનનું પાલન સ્વીકારી ચૂક્યાં છે. પરંતુ થોડી વાર પછી તેમણે પોતાના દિલમાં વિચાર્યું કે "એમાં શું ખોટું છે? શું તેમના પહેલા પતિ, જેમનું હમણાં જ અવસાન થયું છે, તે પોતાના પૂર્વજોના દીન પર કાયમ નહોતા અને મુહમ્મદ સ.અ.વ. તથા તેમના આમંત્રણથી બેખબર નહોતા?"

અબૂ તલ્હાએ ઉમ્મે સુલૈમના દરવાજા પર દસ્તક આપી અને ઉમ્મે સુલૈમે તેમને અંદર આવવાની રજા આપી. તે સમયે તેમના પુત્ર અનસ પણ ત્યાં હાજર હતા. અબૂ તલ્હાએ વાતચીત શરૂ કરી અને પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો, પરંતુ જ્યારે ઉમ્મે સુલૈમે તેમની અપેક્ષાથી વિરુદ્ધ જવાબ આપ્યો ત્યારે તેઓ સખત આશ્ચર્યચકિત થઈ ગયા:

"અબૂ તલ્હા! તમારા જેવા વ્યક્તિની વાત નકારવામાં ન આવે, પરંતુ જ્યાં સુધી તમે કુફ્ર પર કાયમ છો ત્યાં સુધી હું તમારી સાથે નિકાહ નહીં કરી શકું."

અબૂ તલ્હાએ સમજ્યું કે ઉમ્મે સુલૈમ બહાનું કરી રહ્યાં છે. હકીકતમાં, તેમણે મારા પર કોઈ એવી વ્યક્તિને પ્રાથમિકતા આપી છે જે માલ અને લોકોની દૃષ્ટિએ મારાથી ચઢિયાતી છે. આથી તેમણે કહ્યું:

"ઉમ્મે સુલૈમ! ખુદાની કસમ, હું સમજું છું કે તમારા ઇનકારનું મૂળ કારણ આ નથી."

ઉમ્મે સુલૈમે પૂછ્યું:

"તો પછી મારા ઇનકારનું મૂળ કારણ શું છે?"

"સોનું, ચાંદી અને માલ-દોલત," અબૂ તલ્હાએ જવાબ આપ્યો.

"સોનું, ચાંદી?" ઉમ્મે સુલૈમે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"હા," અબૂ તલ્હાએ કહ્યું.

"અબૂ તલ્હા! હું તમને, અલ્લાહ તઆલા અને તેના રસૂલને સાક્ષી બનાવીને કહું છું કે જો તમે ઈસ્લામ કબૂલ કરી લો, તો હું સોના-ચાંદી અને માલ-દોલત વિના તમારી સાથે નિકાહ કરી લઈશ અને તમારા ઈસ્લામને જ મારી મહેર ગણીશ."

ઉમ્મે સુલૈમની આ વાત સાંભળીને અબૂ તલ્હાનું મન પોતાના બૂત તરફ ગયું, જેને તેમણે ખૂબ જ સુંદર અને કિંમતી લાકડામાંથી કોતરીને બનાવ્યું હતું અને કબીલાના બીજા સરદારોની જેમ પોતાના માટે ખાસ રાખ્યું હતું. પરંતુ ઉમ્મે સુલૈમે તકનો લાભ લઈને ગરમ લોખંડ પર વધુ એક ઘા કર્યો.

"અબૂ તલ્હા! શું તમને આ વાતની ખબર નથી કે ખુદાને છોડીને તમે જે મા'બૂદની પૂજા કરો છો તે જમીનમાંથી ઊગી નીકળ્યો છે?"

"કેમ નહીં, હું આ વાત સારી રીતે જાણું છું," અબૂ તલ્હાના અવાજમાં થોડી શરમ હતી.

"તો શું તમને પણ આ વાતની શરમ નથી આવતી કે ઝાડના એક ટુકડાને મા'બૂદ બનાવીને તમે તેની પૂજા કરો છો અને તે જ ઝાડના બીજા ટુકડાને કોઈ બીજો વ્યક્તિ આગ સળગાવવા માટે બળતણ તરીકે વાપરે છે અને તેનાથી ખાવાનું બનાવે છે?" તેઓ એક ક્ષણ રોકાયાં અને બોલ્યાં:

"અબૂ તલ્હા! જો તમે મુસલમાન થઈ જાઓ તો હું તમારી સાથે લગ્ન સંબંધથી જોડાવા રાજી છું અને તે સ્થિતિમાં ઈસ્લામ સિવાય હું તમારી પાસે કોઈ મહેરની માંગણી નહીં કરું." ઉમ્મે સુલૈમે છેલ્લો અને જોરદાર ઘા કર્યો.

"મને ઈસ્લામના દાયરામાં કોણ દાખલ કરશે?" અબૂ તલ્હાએ પૂછ્યું.

"આ કામ હું પોતે કરી લઈશ," હઝરત ઉમ્મે સુલૈમે કહ્યું.

"તે કઈ રીતે?" અબૂ તલ્હાએ સ્પષ્ટતા માંગી.

"તે આ રીતે કે તમે તમારી જીભથી કલમએ હક અદા કરતાં આ વાતની ગવાહી આપો કે અલ્લાહ સિવાય કોઈ મા'બૂદ નથી અને મુહમ્મદ સ.અ.વ. અલ્લાહના રસૂલ છે. પછી તમે તમારા ઘરે જાઓ અને તમારા બૂતને તોડીને ફેંકી દો." હઝરત ઉમ્મે સુલૈમે સમજાવતાં કહ્યું.

આ સાંભળીને તેમનો ચહેરો અત્યંત આનંદથી ઝગમગી ઊઠ્યો અને તેઓ સહજતાથી બોલી ઊઠ્યા: હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી અને હું સાક્ષી આપું છું કે મુહમ્મદ સ.અ.વ. અલ્લાહના રસૂલ છે."

અને પછી તેમણે હઝરત ઉમ્મે સુલૈમ રદિ. સાથે નિકાહ કરી લીધા. મુસલમાનો આ નિકાહ વિશે કહેતા હતા કે "અમે આજ સુધી કોઈ એવા મહેર વિશે નથી સાંભળ્યું જે ઉમ્મે સુલૈમના મહેરથી વધુ સારો અને કિંમતી હોય." તેમણે ઈસ્લામને પોતાનો મહેર બનાવ્યો.

અને તે દિવસથી હઝરત અબૂ તલ્હા રદિ. ઈસ્લામી જમાઅતમાં સામેલ થઈ ગયા અને તેમણે પોતાની અસામાન્ય અને અદ્વિતીય ક્ષમતાઓ તેની સેવા માટે સમર્પિત કરી દીધી. તેઓ તે સિત્તેર વ્યક્તિઓમાંના એક હતા જે બૈઅતે ઉકબાહમાં સામેલ થયા. તે સમયે તેમના પત્ની હઝરત ઉમ્મે સુલૈમ રદિ. પણ તેમની સાથે હતાં. તેઓ તે બાર વ્યક્તિઓમાંના એક હતા જેમણે રસૂલુલ્લાહ સ.અ.વ.એ મુસલમાન યશરિબના નકીબ (પ્રતિનિધિ) બનાવ્યા હતા. તેઓ તમામ યુદ્ધોમાં રસૂલુલ્લાહ સ.અ.વ.ની સાથે રહ્યા અને તેમાં અસામાન્ય શૂરવીરતા અને બહાદુરીનું પ્રદર્શન કરતા રહ્યા. પરંતુ તેમનો સૌથી મોટો અને ભૂલી ન શકાય તેવો દિવસ ઉહદનો દિવસ હતો, જેનું વર્ણન વાચકો સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે.

હઝરત અબૂ તલ્હા રદિ.ને રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે અસીમ પ્રેમ હતો. એવો પ્રેમ જેના મૂળ તેમના દિલની ઊંડાઈઓમાં ઊતરેલા હતા. એવો પ્રેમ જે તેમની નસોમાં લોહી સાથે ફરતો હતો. તેમની હાલત એ હતી કે ન તો આપના પવિત્ર ચહેરાને જોઈને ક્યારેય સંતુષ્ટ થતા, ન તો આપની પ્રિય વાતો સાંભળીને તૃપ્ત થતા. અને જ્યારે ક્યારેય એકાંતમાં આપની પાસે હોતા, તો ઘૂંટણિયે બેસીને કહેતા :

"મારા પ્રાણ આપ પર કુરબાન છે, મારો ચહેરો આપના માટે ઢાલ છે."

જંગે ઉહદમાં જ્યારે એક સમયે મુસલમાનો આપને છોડીને વિખેરાઈ ગયા અને મુશ્રિકોએ ચારે બાજુથી આપ પર હુમલો કર્યો, આપના દાંત તોડી નાખ્યા, કપાળ અને હોઠોને ઘાયલ કરી દીધા અને પવિત્ર ચહેરાને લોહીલુહાણ કરી દીધો, ત્યાં સુધી કે દુશ્મનોએ આ અફવા ફેલાવી દીધી કે મુહમ્મદ (સ.અ.વ.)ને (નઉઝુબિલ્લાહ) કતલ કરી દેવાયા છે. જેનાથી મુસલમાનોનું મનોબળ એકદમ ભાંગી ગયું અને તેઓ દુશ્મનોની સામેથી હાર ખાઈને ભાગવા લાગ્યા. આ મુશ્કેલ સમયમાં રસૂલુલ્લાહ સ.અ.વ.ની સાથે માત્ર ગણ્યાગાંઠ્યા લોકો રહી ગયા હતા, અને હઝરત અબૂ તલ્હા રદિ. તેમાંથી મુખ્ય હતા.

હઝરત અબૂ તલ્હા રદિ. રસૂલુલ્લાહ સ.અ.વ.ની સામે એક મજબૂત અને અડગ પહાડની જેમ ઊભા રહી ગયા, અને આપ સ.અ.વ.એ કાફિરોના તીરો અને ભાલાઓથી બચવા માટે તેમની ઓથ લઈ રાખી હતી. તેમણે કમાનની દોરી ચઢાવી અને તેના પર તીર ખેંચી ખેંચીને રસૂલુલ્લાહ સ.અ.વ. તરફથી બચાવ કરતાં કાફિરો પર તીરોનો વરસાદ વરસાવી દીધો. જ્યારે રસૂલુલ્લાહ સ.અ.વ. તેમની પાછળથી ઝાંકીને એ જોવાની કોશિશ કરતા કે તેમના તીર ક્યાં પડી રહ્યા છે, ત્યારે તેઓ ઘાયલ થવાના ડરથી આ કહેતા આપને પાછળ હટાવી દેતા:

"મારા માતા-પિતા આપ પર કુરબાન થાય, તેમની તરફ ન ઝાંકો, ક્યાંક તેઓ આપને ઘાયલ ન કરી દે. મારી ગરદન આપ પર ન્યોછાવર, મારી જાન આપ પર ફિદા, હું આપની આગળ છાતી છું (એટલે કે ઢાલ છું)."

જેમ હઝરત અબૂ તલ્હા રદિ. યુદ્ધના પ્રસંગો પર બેધડક પોતાનો જીવ ન્યોછાવર કરવા તૈયાર રહેતા, તેવી જ રીતે, બલ્કે તેનાથી પણ વધુ, ઈન્ફાક ફી સબીલિલ્લાહ (અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા)ના દરેક પ્રસંગે પોતાનો માલ ખર્ચ કરવામાં ક્યારેય ઢીલ નહોતા કરતા. તે પ્રસંગોમાંથી એક પ્રસંગ આ છે:

તેમની પાસે ખજૂરો અને દ્રાક્ષનો એક બાગ હતો જે પોતાના ઝાડોની સંખ્યા, ફળોની શ્રેષ્ઠતા અને પાણીની મીઠાશની દૃષ્ટિએ યશરિબના તમામ બાગોથી સારો હતો. એક દિવસ હઝરત અબૂ તલ્હા રદિ. તેના ઘેરા છાંયડામાં ઊભા રહીને નમાઝ પઢી રહ્યા હતા. અચાનક એક મધુર અવાજવાળા પક્ષીએ તેમનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું, જેના પીંછા લીલા, ચાંચ લાલ અને પગ રંગીન હતા. તે ઝાડોની શાખાઓ પર ખુશીથી કલરવ કરતો, નાચતો અને ફરતો હતો. હઝરત અબૂ તલ્હાને આ દૃશ્ય એટલું મનભાવન લાગ્યું કે થોડી વાર માટે તેઓ તેની સુંદરતામાં ખોવાઈ ગયા. જ્યારે તેમનું ધ્યાન નમાઝ તરફ પાછું આવ્યું, ત્યારે તેઓ ભૂલી ચૂક્યા હતા કે તેમણે કેટલી રકઅત પઢી છે. બે? ત્રણ? તેઓ વિચારતા રહ્યા પણ કંઈ યાદ ન આવ્યું.

તેમણે નમાઝ પૂરી કરી અને રસૂલુલ્લાહ સ.અ.વ.ની સેવામાં હાજર થયા અને આપને પોતાના નફસની ફરિયાદ કરી, જેને બાગ, તેના ગાઢ અને છાયાદાર ઝાડ અને તેના મધુર અવાજવાળા પક્ષીએ નમાઝથી બેદરકાર કરી દીધો હતો. પછી તેમણે કહ્યું:

"અલ્લાહના રસૂલ સ.અ.વ.! આપ સાક્ષી રહો, હું આ બાગને અલ્લાહના માર્ગમાં સદ્કા કરી રહ્યો છું. તમે તેને જે કામમાં ચાહો તેમાં વાપરો."

(અનુસંધાન દસમા પાને)

TWIST MAKERS OF PLASTIC MACHINERIES
મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૮૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્ક્સ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

શાહીન સાપ્તાહિક
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ
કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# બિહાર ચૂંટણીઓની ભીતરમાં




(ન્યૂઝ ડેસ્ક)

બિહાર વિધાનસભાની પ્રક્રિયા પૂરી થઈ ગઈ. પરિણામોની ઘોષણા પણ થઈ ગઈ. એનડીએને તેની પોતાની અપેક્ષાઓથી વધુ સફળતા પ્રાપ્ત થઈ છે અને મહાગઠબંધન (‘ઇન્ડિયા’)નું પ્રદર્શન તેના કટ્ટર વિરોધીઓની ગણતરી કરતાં પણ ઓછી બેઠકોનું રહ્યું. એનડીએના મોરચાને ૨૦૦થી વધુ બેઠકો મળી, જ્યારે મહાગઠબંધન માત્ર ૩૫ બેઠકો પર સમેટાઈને રહી ગયું.

આ પરિણામો દેખીતી રીતે જ આશ્ચર્યજનક છે, જે માત્ર રાજકીય પક્ષો માટે જ નહીં, બલ્કે દરેક બુદ્ધિજીવી વર્ગ અને સૂઝબૂઝ ધરાવનાર લોકો માટે અપેક્ષાની તદ્દન વિરુદ્ધ છે. આવું ભૂતકાળમાં પણ થયું છે કે જ્યારે પરિણામો પ્રજાની અપેક્ષાઓની વિરુદ્ધ આવ્યા છે. તેમ છતાં, બિહારના પરિણામોનો જ્યાં સુધી સંબંધ છે, તો તેના વિષે અનેક પ્રશ્નો ઊભા થવા લાગ્યા છે. અને એ તમામ પ્રશ્નોની સંપૂર્ણ નિષ્પક્ષતાપૂર્વક સમીક્ષા અને વિશ્લેષણ અને જરૂર પડ્યે તપાસની પણ આવશ્યકતા અનિવાર્ય થઈ ગઈ છે.

‘ભાજપ’ અને ‘જેડીયુ’ને જે સફળતા મળી છે, જો તેમના સંયુક્ત કે કુલ મતોની વાત કરવામાં આવે તો એ બંને જેટલા કે કદાચ વધુ મત તેજસ્વી યાદવની ‘આરજેડી’ને મળ્યા છે. આ સ્વયં ચૂંટણી પંચના ‘ડેટા’ કે આંકડાઓથી જણાઈ રહ્યું છે. આ ઉપરાંત, એવું નથી કે માત્ર સોશિયલ મીડિયા પર બિન-જવાબદાર સંગઠનો તરફથી પણ આ દાવો કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનાથે પણ આ દા’વો કર્યો છે કે આરજેડીને સમગ્ર રાજ્યમાંથી કુલ ૧ કરોડ ૮૦ લાખ (લગભગ ૨૨.૭૯%) મત મળ્યા છે. મતોની આ સંખ્યા ‘ભાજપ’ અને ‘જેડીયુ’ બંનેના સંયુક્ત કે કુલ મતોની સંખ્યા જેટલી છે. તેમ છતાં, ‘આરજેડી’ને માત્ર ગણતરીની થોડીક જ બેઠકો મળે છે અને ભાજપ તથા જેડીયુ સંયુક્ત રીતે ૧૮૦ જેટલી બેઠકો મેળવે છે. તો આ અંગે પ્રશ્નો ઊભા થાય એ સ્વાભાવિક છે. સોશિયલ મીડિયા ઉપર કેટલાક અન્ય લોકો તરફથી પણ આ પ્રકારના પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. તેમ છતાં, કોંગ્રેસના પ્રવક્તા તરફથી આ આંકડા રજૂ કરવામાં આવ્યા છે. તેમનો દાવો કોંગ્રેસ પાર્ટી સંબંધિત નથી, બલ્કે આરજેડી વિષે છે. આવામાં આવા દાવાઓની વિસ્તારપૂર્વક સમીક્ષા કરવાની તાતી જરૂરિયાત છે. અને સાથે જ આ અંગે જે જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે, તેના ઉત્તર પણ આવવા જોઈએ. માત્ર આરોપોને નકારી કે રદ કરી દરેક નિર્ણયને યોગ્ય ઠેરવવો લોકશાહી પ્રક્રિયા માટે ઉચિત નહીં હોય, તેનાથી લોકતંત્રની છબી ખરડાશે.

ચૂંટણીપંચ તરફથી બિહારની ચૂંટણીઓની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન જે વલણ અપનાવાયું હતું, એ ખૂબ જ શંકાસ્પદ અને પક્ષપાતી દેખાઈ રહ્યું હતું. બિહારમાં મહિલાઓના ખાતામાં ૧૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા એ સમયે પણ ચાલુ રહી, કે જ્યારે કાર્યક્રમની (શિડ્યુઅલની) જાહેરાત કરી દેવાઈ હતી. જો કે આવી યોજનાને ચૂંટણીપંચે તામિલનાડુની લોકસભા વખતે અટકાવી દીધી હતી. આ અંગે ચૂંટણીપંચે ઉત્તર આપવો જ જોઈએ. તામિલનાડુના એ પ્રતિબંધ અને બિહારમાં અપાયેલ છૂટ અંગે બે અલગ અલગ માપદંડો કેમ? આ ઉપરાંત, આ વાતની પણ સ્પષ્ટતા જરૂરી છે કે ચૂંટણી પ્રક્રિયાની દેખરેખ કે નિરીક્ષણ અને અન્ય મહત્ત્વની જવાબદારીઓ માટે રાજ્ય બહારથી ભાજપ શાસિત રાજ્યો અને ખાસ કરીને ગુજરાતથી સંબંધ ધરાવનારા હોદ્દેદારોને જ શા માટે નક્કી કે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

વિવિધ પ્રકારના પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. પ્રજાના વિશ્વાસને જાળવી રાખવા અને દેશની લોકશાહી અને લોકતાંત્રિક પ્રક્રિયાને કલંકિત થવાથી બચાવવા માટે એ પ્રશ્નોના સ્પષ્ટ અને દલીલ સાથે ઉત્તરો આપવા જરૂરી છે. તેમને ખોટા આરોપો ગણાવી ફક્ત નકારી કાઢવાથી નહીં ચાલે.

અત્રે પ્રાપ્ત માહિતી મુજબ, એક દૈનિકના જણાવ્યા મુજબ બિહારમાં લગભગ ૧૦૦ બેઠકો એવી છે કે જ્યાં હાર-જીત ૧૦૦-૨૦૦ મતોથી થઈ છે. એસ.આઈ.આર.ના નામ ૬૫ લાખ જેટલા મતદારોના નામ કાઢવાની વાત તો સર્વ-વિદિત છે. આવામાં, જો ઇ.વી.એમ.માં સેટિંગની વાતના આરોપ અંગે ગંભીરતાથી વિચારવા અને તપાસ કરવામાં આવે તો વધુ વિસ્તૃત અને ચોંકાવનારી વિગતો સામે આવવાની શક્યતાને સંપૂર્ણપણે નકારી શકાય નહીં. આ એવી રમત હોઈ શકે, જે અંગે કોઈ શંકા ન કરે, બલ્કે “કાંટે કી ટક્કર” સમજી આગળ વધી જાય.

આરોપો અંગે ચૂંટણીપંચે સુપ્રીમ કોર્ટમાં ઈ.સ. ૨૦૦૪ના સીસીટીવી ફૂટેજ નાશ પામવાનો ઉત્તર રજૂ કર્યો હતો. જો તે એક વર્ષ જૂનો રેકોર્ડ એક કેન્દ્ર સરકારનો મહત્ત્વનો વિભાગ ન સંભાળી શકવાનો જવાબ રજૂ કરી કે એકરાર કરતો હોય, તો દેશની સામાન્ય જનતા કે નાગરિકો પાસેથી ૩૦-૪૦ કે તેથી વધુ સમયનો માતા-પિતા કે દાદા-દાદીનો રેકોર્ડ માગવાનો શું હક્ક ધરાવે છે? આ વાતનો ઉત્તર પણ તેણે આપવો જોઈએ.

## વાચકો જોગ સૂચના

જે વાચક મિત્રોનું શાહીન સાપ્તાહિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી તેમજ ઓનલાઈન લવાજમ મોકલી આપે.

Google Pay
Shaheen Weekly
+91 6356162768

બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, જુહાપુરા, અહમદાબાદ-૫૫.

Irfan Memon
Riyaz Memon
98246 41965
We give the purity
GOLD, SILVER & DIAMOND
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura
ALIF GOLD PALACE
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055
ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting
6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

ડો.યાસીન સૈયદ M.B.B.S. 93279 24050
ડો.તૌફીક સૈયદ B.H.M.S. 98251 53388
99097 12900
આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)
દુઃખાવા અને બ્લીડીંગ વગર
(૧) જુહાપુરા, અહમદાબાદ
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ
સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) શાહપુર, અહમદાબાદ
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ
સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) ગોમતીપુર, અહમદાબાદ
સમય : સોમ થી શનિ
સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી
રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી

HMG
ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386
હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ
લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલેમાઇન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર
હેડ ઓઃ 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210
બ્રાન્ચ ઓઃ 86, વૃદાંવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત
નોંધઃ વધુ જાણકારી માટે વેબસાઈટ જુઓ.
E-mail : info@ilyashamdubhai.com • Website : www.ilyashamdubhai.com

Printed and Published : **ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN** and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • **Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.**